ANGLO-GUJARATI

TRANSLATION SERIES.

PART V.

Price 6 annas.

The Department of Public Instruction, Bombay.

ANGLO-GUJARÂTI
TRANSLATION SERIES.

PART V.

BY THE

REV. T. L. WELLS, B.A.

EDITED BY

R. S. MAHIPATRAM R. NILKANTH, C.I.E.,
GUJARATI TRANSLATOR, EDUCATIONAL DEPARTMENT.

SANCTIONED FOR USE UNDER

STANDARDS VI. AND VII. OF HIGH SCHOOLS.

FOURTH EDITION.—3,000 Copies.

Bombay:
GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1890.

Price 6 (Six) Annas.

BOMBAY:

TED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

DEDICATED

TO THE

MEMORY

OF

KARSANDAS MULJI,

A

HINDU REFORMER,

WHOSE NAME OUGHT NEVER TO BE FORGOTTEN

IN

WESTERN INDIA.

EDITOR'S PREFACE.

THE late Rev. T. L. WELLS supplied, by his Anglo-Gujarati Translation Series, a want that was greatly felt. This he meant as the Fourth Part of his Series, and was prepared by him for the use of Standards V. and VI. of High Schools. He intended to bring forth a Fifth Part for the use of the Seventh or highest standard; but before he could finish his design he was called away from this world. His premature death, in the midst of his useful career, is regretted by all.

This book was considered by those to whom it was submitted for opinion, too difficult for the Fifth standard, and the language of the lessons selected from નીતિવચન and નિબંધમાળા faulty in grammar and idiom. Some alteration in the matter of some of them was also thought desirable. The Director of Public Instruction, therefore, decided that it should be adopted for the Sixth and Seventh standards, and the requisite revision in language and matter be made by me. I have accordingly introduced such alterations as I thought proper. No changes have been made in the lessons taken from the Seventh Book, and very few in those extracted from Karan Ghelo. Selections from the Nitivachan and Nibandha Mala have been greatly improved and altered, particularly those from the latter. But I am not sure of having succeeded in correcting them fully. The task of correcting another's composition is as difficult as it is disagreeable. Doubts frequently occur whether such a construction is correct, or such an expression idiomatic. In some cases rejection or change of a phrase or word may be considered a mere matter of individual opinion. The

author of the book requested the teachers in the concluding part of his preface to inform him of any mistakes they might discover in it. But alas! he did not live to receive them, and it falls to my lot to take his place with regard to this book. I am equally desirous to have the next edition free of imperfections in all respects. I repeat the request made by the author.

As Part IV. is to be in time produced for the benefit of Standard V., I have called this publication Part V.

MAHIPATRAM RUPRAM NILKANTH,
Gujarati Translator, Educational Department.

AHMEDABAD, *June*, 1878.

PREFACE.

THE pieces presented here as exercises for translation have been selected from four well-known and popular works, સાતમી ચોપડી, કરણ ઘેલો, and Mr. Karsandas Mulji's નિબંધમાળા and નીતિવચન. Selections from the Seventh Book come first, those from Essays on Social Subjects next, and Extracts from Mr. Nandshanker's Novel have been reserved for the last place, while the essays selected from Nitivachan have been interspersed throughout the others.

Selections from the works of the reformer and moralist, Mr. Karsandas Mulji, are inserted in the hope that they will prove beneficial in the training and development of the moral nature of the youths for whose use the volume has been prepared.

The language of the extracts in this book is more difficult than that which the boys of the Fifth Standard have been accustomed to turn into English, but with the aid of the notes in which all unusual significations of terms are pointed out and peculiarities of idiom elucidated and of a glossary of all but the very commonest words it is expected they will find that in the same time they can translate fully as many lines if not even more than formerly, while they will do the work more intelligently and consequently with more pleasure and profit to themselves.

Great pains have been taken to make this volume as complete as possible. Both the Notes and the Vocabulary were written out twice. Yet the writer does not flatter himself that he has attained perfection. Teachers who use the book will no doubt detect occasional mistakes. May I

request them to take the trouble of informing the author of these. Far from being displeased at having the faults of his work pointed out he will take it as a favour to be made acquainted with them. Should another edition be required the author would desire to have it free of the imperfections of the present one, and this can be effected if teachers will only be good enough to forward their criticisms to

T. L. WELLS.

MISSION HOUSE, SURAT,
1*st August* 1877.

અનુક્રમણિકા.

ANGLO-GUJARATI TRANSLATION SERIES.

PART V.

પાઠ ૧. ઉદ્યોગ.

જે દિવસ ગયા તે ફરી આવવાના નથી, અને જે દિવસ આવવાના છે તે ઉપર મુદ્દલ ભરોસો રખાય નહિ; વાસ્તે હે માનવી! તને ઘટેછે કે જે વખત તારો વ્યર્થ ગયો હોય તેની વધારે ચિંતા કે દિલગીરી કર્યા વગર અને જે વખત આવવાનો છે તે ઉપર ઘણો આધાર રાખ્યા વગર, તું તારા ચાલતા વખતનો રૂડો ઉપયોગ કર. ચાલતો વખત એ તારો વખત છે; હવે પછીના વખતવિષે કાંઈ નક્કી નથી. વાસ્તે જે સુકૃત કરવાનું ધારતો હોય તે જલદીથી કર, અને જે કાંઈ સવારે થઈ શકતું હોય તે સાંજ ઉપર ન રાખ!

દુઃખ અને તંગી આળસથી નીપજેછે. પ્રમાણિક ઉદ્યોગથી સુખ અને વૈભવ ઉત્પન્ન થાયછે. ઉદ્યોગીનો હાથ તંગીને નસાડેછે. ઉદ્યોગી માણસના સાથી સુખ અને વૈભવ છે. જે પુરૂષ દોલત મેળવેછે, જે પુરૂષ મોટી પદવીએ ચહડેછે, જે પુરૂષ આબરૂ અને માનથી ભરપૂર છે, જે પુરૂષની સ્તુતિ સર્વ લોક કરેછે, જે પુરૂષ રાજકારભાર કરેછે તે પુરૂષ કેવો ઉદ્યોગી અને ચપળ હોયછે તેની તું તપાસ કર. તે પુરૂષ આળસને પોતાના ઘરમાંથી વેગળું રાખેછે અને આળસુને પોતાનો કટ્ટો શત્રુ ગણેછે.

ઉદ્યોગી પુરૂષ સવારે વહેલો ઊઠેછે અને રાતે મોડો સૂવેછે. તે વિચારથી પોતાના મનને અને મહેનતથી પોતાના તનને કસરત આપીને સુખમાં રાખેછે. પણ આળસુ માણસ પોતાના જીવને હાથે કરીને સંતાપેછે. દરએક ઘડી અને દરએક પળ તેને લાંબી લાગેછે. તે અહિં તહિં તરફડેછે, અને શું કરવું એ તેને સૂઝતું નથી. તેના દિવસ એળે જાયછે, અને તેની યાદગીરીની કંઈ પણ એંધાણી પાછળ રહેતી નથી. મહેનત વગર તેનું શરીર રોગી થઈ જાયછે. કામ કરવાને કોઈ કોઈવેળાએ તેને ઇચ્છા થાયછે, પણ તે કરવાની તેનામાં શક્તિ હોતી નથી. તેનું મન આંધળું થાયછે. તેના વિચાર ગભરાટમાં પડેછે. તે જ્ઞાન મેળવવાની ઇચ્છા દેખાડેછે, પણ મહેનત

કરતો નથી. બદામની બીચ ખાવાને તે ઘણોજ આતુર હોયછે, પણ તેનાં છોડાં ભાગવાને અળસાયછે.

પાઠ ૨. લોહીનું ફરવું.

હૃદય, ધોરીનસ, નસ, અને રેસાવડે લોહી આખા શરીરમાં ફરેછે. હૃદય માંસનું બનેલુંછે. એનું કદ મુઠી જેટલું છે, ને એમાં ચાર કાણાં છે, બે જમણીગમ ને બે ડાબીગમ. એ છાતીની ડાબીમેર રહેલુંછે. તમારો હાથ ત્યાં મુકશો તો તે ધડકતું જણાશે. હૃદય વારાફરતી સાંકડું ને પહોળું થાયછે. એમ નિરંતર થયાં કરેછે; જ્યારે તે સાંકડું થાયછે, ત્યારે લોહી તેમાંથી નાડીઓમાં ઊછળતું ઊછળતું દોડેછે. કોઈ ધોરીનસપર તમે આંગળાં લગાડશો તો લોહી એવી રીતે દોડતું જણાશે. હાથનાં કાંડાંપર લોહીનું એ ફરવું અથવા ધડકવું સાફ જણાયછે. પુખ્ત ઉમરના માણસમાં નાડીઓ દરએક મિનિટમાં આશારે સિત્તેર વાર ધડકેછે. બાળકની નાડી એટલી વખતમાં વધારે વાર ધડકેછે.

હૃદયને ડાબે પાસેથી એક મોટી નાડી નીકળેછે તે એક પહોળો નળ છે, ને એમાંથી બીજી નાની નળીઓ નીકળેછે. એ મોટી નાડીને ઝાડના થડજોડે સરખાવીએ તો વધારે સમજ પડશે. એ થડમાંથી ઘણાંક ડાળાં નીકળેલાંછે, અને તેમાંથી નાની નાની ડાળીઓ નીકળેલીછે. એ બધાંને ધોરીનસ કહેછે. એ ડાળાં ડાળીઓ પગથી માથાસુધી આખા શરીરમાં પથરાઈ ગએલાંછે. એ બધી નાડીઓ કઠણ છે. સ્વચ્છ લોહી રાતું હોયછે, અને તે નાડીઓમાં થઈ આખા શરીરમાં જાયછે.

લોહી નાડીઓમાં ફર્યાપછી એને છેડે રેસા હોયછે તેમાં જાયછે. એ રેસા વાળથી પણ ઝીણા હોયછે. એ રેસામાં લોહીનો રાતો રંગ બદલાઈ ભાગે જાંબુના જેવો થઈ જાયછે. લોહીનો એવો રંગ થાયછે ત્યારે તે અ-સ્વચ્છ કહેવાયછે, કેમકે તેમાં પોષણ કરનાર પદાર્થો હોતા નથી. એ બગ-ડેલું લોહી રેસામાંથી નસોમાં જાયછે. નસો પોલી ને પોચી નળીઓ છે. લોહી એમાં થઈને પાછું હૃદયમાં જાયછે. નસોમાં થઈને લોહી જાયછે ત્યારે ધડકતું નથી. વળી નસોમાં થોડે થોડે છેટે પડદા હોયછે. હૃદયમાં જવાને લોહી આવેછે, ત્યારે એ પડદા ઊઘડી જાયછે, ને બીજે ઠેકાણે જતાં અટકાવેછે; એની જમણી બાજુએ બે કાણાં છે તેમાંથી બે મોટી નસો નીકળેછે, તેમાં આખા શરીરની સઘળી નસો મળી જાયછે. એ બે

નસો મોટા પહોળા નળ જેવી છે. એ પાછું આવેલું લોહી ફરીથી ફરવા ગયા પહેલાં ફેફસાંમાં જાયછે. ત્યાં તે સ્વચ્છ થાયછે. જે લોહી હૃદયમાંથી નીકળેછે તે આશારે ત્રણ મિનિટમાં આખા શરીરમાં ફરી નસોમાં થઈ ત્યાં પાછું આવેછે. લોહી એપ્રમાણે ફરેછે એ વાત સન ૧૬૨૮ માં હારવે નામે એક અંગ્રેજી દાક્તરે શોધી કાઢી.

લોહી કેવી અજાયબ વસ્તુ છે! હાડકાં, માંસ, ચામડી, ને ઘણીક જાતની રગો વગેરે જે શરીરમાં છે તે સર્વ લોહીથી થાયછે. ઊંઘતા હોઈએ કે જાગતા હોઈએ, રાતે ને દહાડે, આપણા શરીરમાં ઝરા નિરંતર વહ્યાં કરેછે એ કેવું નવાઈ જેવું છે! આપણો દેહ કેવો ચમત્કારી છે! એનું રક્ષણ કેવી ચમત્કારી રીતે થાયછે!

પાઠ ૩. ઈશ્વર.

આ જગતનો સરજનહાર, અને નિયન્તા, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપક અને અનાદ્યન્ત ઈશ્વર એકજ છે. ચંદ્ર, સૂર્ય, અને તારા તેના ઉત્પન્ન કરેલા તેજસ્વી પદાર્થ છે.

ઈશ્વરનું રાજ્ય આખા જગત ઉપર ચાલેછે. તેનું ડહાપણ તેનાં સર્વ કામમાં માલૂમ પડેછે. તેણે આ જગત્ ચલાવવાને નિયમ બાંધ્યાછે. તેનું મન જ્ઞાનનો ભંડાર છે. તે સઘળું જાણેછે. તારા દિલના સર્વ વિચાર તેની આગળ ઊઘાડા પડ્યાછે. તું જે જે વિચાર કરેછે તે સઘળા તે જાણેછે. તેનાથી કાંઈ છાનું નથી. આ વાત સદા યાદ રાખી વર્તજે. તું તેની ભક્તિ કર. તેની ચતુરાઈની અને પવિત્રાઈની, તેની મોટાઈની અને કીર્તિની તું સ્તુતિ કર; તું નીચો વળીને તેને પગે લાગ, અને હાથ જોડીને તેની ક્ષમા માગ, તથા તેની દરએક આજ્ઞા પાળ.

ઈશ્વર કૃપાળુ છે. તે આ જગતને દયાથી ચલાવેછે. તેના દરેક કામમાં તેની અત્યંત કૃપા માલૂમ પડેછે. ઈશ્વર સંપૂર્ણતાનું મૂળ છે. જ્યારે આપણી નજર આકાશ ભણી કરીએ છીએ ત્યારે તેની કીર્તિ પોતાની મેળે માલૂમ પડી આવેછે. જ્યારે આપણી નજર આપણા પગ તળેની જમીન ઉપર કરીએ છીએ, ત્યારે તેનો કૃપાળુ સ્વભાવ પોતાની મેળે જણાઈ આવેછે.

જે માણસો તેના નિયમને તોડેછે તેઓ તેના અપરાધી થાયછે. તેની નજરમાં મોટા અને નાના, ગરીબ અને તવંગર સરખા છે. તેની દરબા-

રમાં રાજ્યાધિકારીઓની કે પૈસાવાળાઓની પક્ષ અથવા મુરવત રાખવામાં આવતી નથી. સર્વને સરખા ગણીને વાજબી ન્યાય કરેછે.

પાઠ ૪. જ્ઞાન મેળવવા વિષે.

કોઇએ એમ ન સમજવું કે નિશાળેથી ઊઠ્યા એટલે ભણી ચૂક્યા. માણસ જો ચાહે તો જીવે ત્યાંસુધી પોતાનું જ્ઞાન વધારતો જાય. આખા જન્મારામાં એ વાત હરઘડી યાદ રાખવી, કે આપણા જ્ઞાનનો વધારો કરવો એ આપણું એક મુખ્ય કામ છે. હરેક વખતે, હરેક જગ્યાએ, હરેક કામમાં, ને હરેક બાબતમાં એ કરવાને જોગવાઈ મળેછે. જ્યારે આપણે એકલા હોઇએ, કે અંધારામાં જ્યાં સઘળું ચુપાચુપ હોય ત્યાં હોઇએ, તો ત્યાં પણ આપણે આપણા મન જોડે વાત કરી શકીએ. આપણો આત્મા શું કરેછે તે જોઈએ, તથા થોડીવાર અગાઉ જે વાત બની હોય તેથી આપણા મનના વિકારપર શી અસર થઇછે, ને તે કેવી સ્થિતિમાં છે, એ વિષે વિચાર કરી શકીએ. આપણા શરીરની અને મનની શક્તિઓ અને તેના ગુણ, તથા તેના ધર્મ અને તેની ઇચ્છાથી આપણે વાકેફ થઈ શકીએ છીએ. જ્યારે આપણે કોઇની જોડે હોઈએ, ત્યારે પણ વાતચીતથી આપણને માણસના સ્વભાવવિષે, મનના વિકારવિષે, તેની નાદાની, સદ્ગુણ અને દુર્ગુણવિષે, તથા સંસારના વહેવારવિષે જ્ઞાન થાય.

માણસે પોતાને ઓળખવું અને બીજાં માણસોના સ્વભાવવિષે જાણવું એ ઘણુંજ અગત્યનું છે. એનાથી વધારે અગત્યની માત્ર એકજ બીજી વાત છે. તે એ છે કે પરમેશ્વરનું જ્ઞાન મેળવવું, તથા આપણી અને તેની વચ્ચે શો સંબંધ છે તે જાણવું.

જ્યારે આપણે ઘરમાં હોઇએ કે શહેરમાં હોઇએ, ત્યારે જ્યાં જોઈએ ત્યાં માણસના હુનરવડે થએલાં ઘણાં કામ દેખીએ છીએ, પણ જ્યારે આપણે ગામ કે શહેર બહાર નીકળીએ છીએ ત્યારે પરમેશ્વરનાં કામ જોઇએ છીએ. ઉપર આભ, નીચે ધરતી, ને આસપાસ અનેક જાતનાં પ્રાણી અને વનસ્પતિ આવી રહેછે, એ સર્વ ઉપર ધ્યાન દઈ જોતાં હજારો વિચાર ઉત્પન્ન થાયછે.

વાદળાં, ચંદ્ર, ફરતા ગ્રહો, સૂરજ, અને તારા જુઓ, ને તેપરથી કાંઇક જ્ઞાન મેળવો. પૃથ્વીના ઊંડા ભાગોમાં ને મહાસાગરમાં તપાસશો તો ત્યાંથી પણ ઘણું જ્ઞાન મળશે. પહાડ, પથરા, ને ધાતુ જોશો તો તેમાંથી

પણ બુદ્ધિનો સુધારો કરવાનું ઘણું જડશે. ઘાસ અને છોડવા, ઝાડ અને ફૂલમાં જુઓ, કેટલો ચમત્કાર છે ને કેટલું બધું શીખવાનું છે ! પશુ, પક્ષી, અને જેને આપણે ઘણાં હલકાં ગણીએ છીએ, તથા જેને જોઈ સૂગ ચઢાવીએ છીએ, તેવાં જીવડાંપર નજર કરો, અને તેપરથી શીખામણ લો. એ સર્વપરથી એના ઉત્પન્ન કરનારનું અનહદ ડહાપણ, વખાણવા જોગ ચતુરાઈ, તેની અપાર શક્તિ, દયા અને કૃપા સમજો.

દહાડા, રાત, ઘડી, અને નાસતા પળઉપર વિચાર કરી વખત ગુમાવવો મેલી દો, ને તેનો લાભ લો. જાગૃત થાઓ, ને જ્ઞાન સંપાદન કરવાની એક પણ તક જવા દો નહિ.

બીજાઓના દુર્ગુણ અને બેવકૂફાઈ જોઈ તેમાં અવગુણ અને ખોટું શું છે તે શોધી કાઢો, ને તમારામાં તે હોય તો તે છોડી દઈ ડહાપણ શીખો. બીજાનાં દુરાચરણ તમને ખોટાં દીસેછે, તો યાદ રાખો કે તમારામાં તે હોય તો બહુજ ખોટાં દેખાય. બીજાના સદ્ગુણ જોઈ તેવા તમારામાં લાવવાને મહેનત કરો.

બીજાની ખોડ, અપંગપણું, દુઃખ ને આફત જોઈ ઈશ્વરનો પાડ માનો કે તેણે તમને તેવા કર્યા નથી. ને તમારાપર તેવું થતા બચાવ્યાછે. એ માટે તમારા સરજનાર પાલન કરનાર ધણીની સ્તુતિ કરો. વળી એપરથી તમારી સ્થિતિમાં તૃપ્ત રહેવાનું અને બીજાનાં દુઃખપર દયા કરવાનું શીખો.

પરમેશ્વરે જે બુદ્ધિ એટલે મનની શક્તિઓ, તથા ઇંદ્રિયો, હાથ, પગ, વગેરે આપ્યાંછે તેપરથી અનુમાન કરો કે તે અમથાં આપ્યાં નથી. પણ પ્રભુને ઓળખવાને અર્થે તથા માણસ જાતનું તથા તમારૂં પોતાનું સુખ અને કલ્યાણ કરવા અને કાંઈ ઉપયોગી કામ કરવા સારૂ આપ્યાંછે, માટે તે પ્રમાણે વર્તો.

પાઠ ૫. પ્રાણીમાત્ર.

પૃથ્વીઉપર જે પ્રાણી છે તેના વિદ્વાન લોકે મુખ્ય ચાર વર્ગ બાંધ્યાછે; ૧ કરોડવાળાં પ્રાણી. ૨ માંસરૂપી પ્રાણી. ૩ સાંધાવાળાં પ્રાણી. ૪ સૂર્યમુખી આકારનાં પ્રાણી.

કરોડવાળા વર્ગનાં જનાવરો ઘણાં ઉપયોગી છે, અને તેમને વિષે

ઘણું જાણ્યામાં આવેલુંછે. તેઓને હાડકાનું પાંજરૂં હોયછે, તેથી તેમના માંહેલા ભાગ તે પાંજરામાં મજબૂત રહ્યાછે. એ પાંજરાનો મુખ્ય ભાગ બરડાની કરોડ છે. મગજમાંથી માવા જેવો પદાર્થ શરીરમાં જાયછે, અને જેવડે શરીર હાલેછે, ચાલેછે, અને તેને વેદના લાગેછે, તે માવાનું રક્ષણ એ કરોડ કરેછે.

એ વર્ગમાંનાં પ્રાણીને રાતું લોહી હોયછે, અને પાચન કરવાને, શ્વાસ લેવાને, લોહી ફરવાને, સાંભળવાને, જોવાને, સૂંઘવાને, અને ચાખવાને જુદાં જુદાં અંગો છે. તેઓને ચારથી વધારે હાથ પગ હોતા નથી, અને તેઓનું મોં ઊઘડેછે, ત્યારે નીચલું ડાચું હાલેછે. ઘણાંક કરોડવાળાં જનાવર મોટાં કદવાળાં ને જોરવાળાં હોયછે, અને તે ચંચળાઈથી હાલેચાલેછે. એ વર્ગમાં પણ ચાર જાત કરેલીછે. ૧ આંચળવાળાં; ૨ પક્ષી; ૩ પેટે ચાલનારાં; અને ૪ માછલાં.

બીજા વર્ગનાં પ્રાણી માંસરૂપી હોયછે, અને તેને હાડકાં હોતાં નથી, પણ કેટલાંકને એક કે વધારે કડકાની સીપ હોયછે, તેને તે વળગી રહેછે. એ પ્રાણીનું લોહી ધોળું કે આસમાની રંગપર હોયછે, અને તેમની ચામડી બહેર મારી ગઈ જેવી છે, ને ગતિ ઘણી ધીમી હોયછે. એ વર્ગમાં ગોકળગાય, સીપમાં રહેનારાં માછલાં, વગેરે છે. એ વર્ગની પણ છ જાત કરેલીછે. ૧ માથાં આગળ પગવાળાં; ૨ પાંખ જેવા પગવાળાં; ૩ પેટે ચાલનારાં; ૪ માથાંવગરનાં; ૫ પગને બદલે હાથવાળાં; અને ૬ પગને બદલે વાળવાળાં જનાવર.

ત્રીજા વર્ગનાં પ્રાણીને ઘણાક સાંધા અથવા ગાંઠા હોયછે. એમાં પણ ચાર જાત છે. ૧ વીંટીવીંટીવાળાં; ૨ પોપડીવાળાં; ૩ કરોળીઆ જેવાં; અને ૪ જંતુ.

ચોથા વર્ગનાં પ્રાણી ઘણાં નાનાં હોયછે, અને તેમની રચના વનસ્પતિને મળતી આવેછે, કેમકે એક મધ્યબિંદુથી જાણે ડાંખળી ફૂટેલી હોય તેપ્રમાણે તેમનાં અંગ ફૂટેલાં માલૂમ પડેછે. એ વર્ગમાં પણ પાંચ જાત છે. ૧ ખરબચડી ચામડીવાળાં; ૨ કૃમિ; ૩ કરડનારાં; ૪ બહુપગી; અને ૫ પોરા.

સઘળાં પ્રાણીઓનાં શરીરપર ઢાંકણ છે તે જેને જેવું જોઈએ તેપ્રમાણે કર્યુંછે. કોઈને રૂવાં, કોઈને કાંટા, કોઈને ઊન, કોઈને વાળ, કોઈને ભીંગડાં, અને કોઈને પીછાં હોયછે. એ ઢાંકણ ફક્ત તેમનું ટાઢતડકાથી રક્ષણ કરેછે એટલુંજ નહિ, પણ શત્રુથી બચાવ કરેછે. એકનું ઢાંકણ કાઢી

લઈ બીજાઉપર નાંખીએ તો બંને પ્રાણી દુઃખી થાય, કેમકે ઈશ્વરે જેને જેવું જોઈએ તેવુંજ આપ્યુંછે.

પાઠ ૬. પ્રમાણિકપણું.

પ્રમાણિકપણું ઈશ્વરને પસંદ છે તેમજ સર્વ સારા મનુષ્યને પસંદ છે. પ્રમાણિકપણાની સર્વઠેકાણે અને સર્વ વખતે સ્તુતિ થાયછે. કોઈગમે તેવો લુચ્ચો અને અપ્રમાણિક માણસ હશે તોપણ તે પોતાના મનમાં પ્રમાણિક માણસની લાયકી તથા યોગ્યતા સમજેછે, અને જ્યારે તેને જોયછે ત્યારે શરમાઈને પોતાના મનમાં હલકો પડેછે. હે મનુષ્ય ! તું સર્વ કામમાં અને સર્વ ધંધામાં પ્રમાણિકપણું રાખજે. તું પ્રમાણિકપણાની પડખેથી જરાએ ખશીશ મા. આ દુનિયામાં તને આડે રસ્તે લઈ જવાને બહુ લાલચ માલૂમ પડશે. પૈસાના લાભનો સાદ જ્યારે ત્યારે તારા કાનમાં આવીને કહેશે કે "કામધંધામાં પ્રમાણિકપણું રાખીશ તો ભૂખે મરીશ; લોકો લાખો રૂપિઆ મેળવેછે તેઓ ઊંધું ચત્તું અને કાળાં ધોળાં કીધા વગર મેળવતા નથી."

આ પ્રમાણે તને આવીને તારા કાનમાં તેઓ કહેશે, પણ એવા તકલીદી અને દુર્ગુણી વિચાર ઉપર તું લક્ષ આપતો ના. તને લાલચના ફાંદામાં નાંખવાને એના જેવો બારીક વખત બીજો આવવાનો નથી. તને માલૂમ પડે કે પ્રમાણિક રહ્યાથી પૈસાની નુકસાની થશે તોપણ નખ જેટલો પણ તું તેનાથી દૂર જતો ના. પૈસાની બાબતમાં અથવા હરએક બાબતમાં તું ગમે તેટલું સંકટ ખમીશ, તોપણ જો તું પ્રમાણિકપણાને વળગી રહીશ તો તારી રૂડી સાખ પડશે, અને અંતે તને નફોજ થશે. દુનિયામાં શું થાયછે તે તું જો. લોકો પોતાનું કામ અને પોતાનું દ્રવ્ય કોને સોંપેછે, અને કોની સાથે લાખો રૂપિઆની લેવડ દેવડ અને ધીરધાર ચલાવેછે ? જેઓ પ્રમાણિક માલૂમ પડ્યાછે તેઓની સાથે માત્ર. પ્રમાણિક માણસ સર્વને વહાલો લાગેછે.

પાઠ ૭. પ્રાણીમાત્ર—પક્ષી.

પહેલા વર્ગનાં જનાવરની બીજી જાત પક્ષીની છે. ધાવનાર પ્રાણીનું લોહી ઊનું છે, તેમ પક્ષીનું પણ છે; અને તે એક દહાડામાં બે વખત શરીરમાં ફરી વળેછે; પણ તેમાં અને એમાં ફેર એટલોજ કે એ શ્વાસ એકલાં

ફેફસાંમાં ભેતાં નથી, પણ કેટલાંએક હાડકાં તથા શરીરના બીજા પોલા ભાગમાં પણ લેછે. હાડકાં, માંસના લોચા, અને બીજા જે ભાગમાં લોહી ફરેછે તે બધામાં વાને વાસ્તે કાણાં હોયછે. તે કાણાંમાંથી બીજાં કાણાંમાં વાને જવાને છિદ્ર છે. એ રીતે ફેફસાંસુધી એક કાણામાંથી બીજા કાણાની વાટે વા જઈ શકેછે. એ વાનાં કાણાં પક્ષીમાં હોયછે, તેથી પક્ષી હલકું રહેછે, અને તેને લીધેજ આકાશમાં તે ઊડી શકેછે. પક્ષીનાં ફેફસાં આંચળવાળાં પ્રાણીની પેઠે છાતીમાં છુટાં લટકતાં હોતાં નથી, પણ પાંસળીઓસાથે વળગી ગયેલાં હોયછે.

પક્ષીને દાંત હોતા નથી, તેથી તે ચાવી શકતાં નથી, તોપણ દાણા વગેરે તેના ખાવાનાનો માવો અથવા લોટ ઘણી અજબ જેવી રીતે કરી શકેછે. દાણા ખાનાર પક્ષીના જઠરને માંસના ચાર લોચા હોયછે તે લોચાને કઠણ ચામડી છે. એ ચામડી કોઈ વખત તો કઠણ શીંગડા જેવી થઈ જાયછે. પેલા ચાર લોચા વારાફરતી હાલેછે, તેથી પેલા દાણા તેમાં દબાયછે અને ઘસાયછે, તેથી લોટ થઈ જાયછે. એ લોચા એટલા કઠણ અને જોરાવર છે કે સોયની કે નસ્તરની અણી તેને લાગ્યાથી ભાગી જાયછે! પણ તે લોચાને કાંઈ લાગતું નથી. દાણા ખાનારાં કેટલાંક પક્ષી દાણા ખાતાં ખાતાં નાના નાના કાંકરા ખાયછે તે દાંતની ગરજ સારેછે. કેટલાંક પક્ષીને તો કાંકરા ખાધાવગર પચેજ નહિ.

પક્ષીને પાંચ ઇંદ્રિયો અને બે પગ હોયછે, અને એવિના બીજાં બે અંગ છાતીઆગળ છે તેવડે વા કાપેછે. તેમની સાંભળવાની અને લાગવાની ઇંદ્રિયો જોવાની ને સુંઘવાની ઇંદ્રિયોના જેવી જલદ નથી. પક્ષી ઇંડાં મૂકેછે તેમાંથી બચ્ચાં નીકળેછે. તેમને ધાવવાનું નથી, માટે ચારો ચરીને મોટાં થાયછે.

પક્ષીને આઘેની તથા પાસેની વસ્તુઓ બરાબર સાફ દેખાયછે. આપણી આંખે બે પોપચાં હોયછે, પણ પક્ષીને એ બે પોપચાંવગર એક ત્રીજું પોપચું આંખના ખૂણામાં છે. તે તેને જોઈએ ત્યારે આખી આંખઉપર લઈ જઇને આંખ ઢાંકી દેછે.

પક્ષીનાં પીછાં ઘણું કરીને વરસમાં બે વાર ખરી પડેછે. પણ બધાં પક્ષીને તેમ થતું નથી. તે માળો ઘણી ચતુરાઈથી બાંધેછે, તથા પોતાનાં બચ્ચાંઉપર ઘણી માયા રાખેછે. એ બે વાતમાં એનું અંગજ્ઞાન ઘણું માલૂમ પડેછે. તેસિવાય તોફાન થવાનું હોય તે, અથવા પવનમાં ફેરફાર થવાનો

હોય તે આપણાથી પહેલાં પક્ષીને જણાયછે, તેથી પ્રાચીન કાળથી વહેમી લોકો સમજેછે કે પક્ષીઓને ભવિષ્ય વર્ત્તી કાઢવાની શક્તિ છે.

પક્ષીઓમાં છ પ્રકાર છે તે તો તમે પાંચમી ચોપડીમાં શીખી ગયાછો.

પાઠ ૮. પેદાશનો લાભ.

જે જે વસ્તુઓથી સુખ થાય તે મેળવવાને સૌ મહેનત કરેછે. ખેડુતો અનાજ તથા રૂ ઉત્પન્ન કરવાને મહેનત કરેછે; વણકર લુગડાં કરવાને મહેનત કરેછે; મોચી પગરખાં કરવાને મહેનત કરેછે, ઇત્યાદિ. કોઈ ખેડુત સારી ધરતીપર વરસ દહાડો મહેનત કરેથી જેટલું પકવી શકે તેટલુંજ નઠારી ધરતીપર વરસ દહાડો તેટલીજ મહેનત કરે તો ન પકવી શકે. ઉત્તમ પ્રતની જમીનપર જેટલા વખતમાં ને જેટલી મહેનતે દોઢસો મણ અન્ન પાકે, તેટલાજ વખતમાં ને તેટલીજ મહેનતે કનિષ્ઠ પ્રતની ભોંયમાં સાઠ મણ પાકેછે: માટે સૌ કહેશે કે ઉત્તમ પ્રતની જમીનપર મહેનત કરેથી વધારે ફાયદો છે. સારી જમીનના ધણીને વધારે મળે, ને નઠારી જમીનના માલિકને ઓછું મળે. મહેનત કરનારને જેમ લાભ વધારે થાયછે, તેમ તેને સુખ ભોગવવાને વધારે બની શકેછે. ખાતર પૂરેથી કે બીજા કાંઈ ઉપાયથી તેટલીજ મહેનતે પાંચ વીઘાં નઠારી જમીનપર ૧૫૦ મણ દાણો પાકે, તો તેની મહેનતનું ફળ વધે, ને સુખ ભોગવવાનું વધારે બની શકે.

બીજા બધા ધંધાને આ વાત લાગુ પડેછે. એક વણકર દરરોજ એક ગજ લુગડું વણે, ને બીજો દરરોજ ૧૦ ગજ વણે, તો પહેલાની મહેનત કરતાં બીજાની મહેનતથી દશ ગણું વધારે પેદા થાય, તેથી બીજાને દશગણો લાભ થાય, ને સુખ મેળવવાને દશ ગણો વધારે શક્તિવાન થાય, ને જો સંચાની મદદથી તે દરરોજ વીશ ગજ વણી શકે, તો તેને વળી વધારે મળે. જેમ વધારે પેદા થઈ શકે તેમ વધારે સારૂં.

જો કોઈ માણસ રેંટીઆની મદદવિના એકલે હાથે કાંતે, ને સાળની સહાયતા વગર એકલે હાથે વણે તો તેની મહેનતનું ફળ થોડુંજ થશે, કેમકે તેનાથી થોડું લુગડું પેદા થઈ શકેછે. એકલા હાથના કરતાં રેંટીઆ ને સાળથી મહેનતનું ફળ ઘણું મળેછે, કેમકે દશ કે વીશ ગણો વધારે માલ બની શકેછે, ને કમાઈ પણ તેટલીજ વધારે થાયછે. હાલ આ દેશમાં રેંટીઆ ને સાળ છે, તેમાં સુધારો કરે, તો એથી પણ વધારે પેદા થઈ શકે. જેમ સંચા સારા તેમ વધારે પેદા થાયછે. વરાળયંત્રથી કાંતીએ ને વણીએ, તો

તેથી પણ વધારે નફો થાયછે. કેમકે તેથી તેટલીજ મહેનતે વધારે માલ ઉત્પન્ન થઇ શકેછે, ને જેમ મહેનતનું ફળ વધારે તેમ લોક ધનવાન થાયછે, ને દેશના બીજા લોકોને પણ તેમજ થાયછે. અનુભવથી આ વાત સિદ્ધ થઇછે. વિલાયતના લોક સારા સારા સંચાવડે ખેડેછે, દળેછે, કાંતેછે, વણેછે, તથા બીજાં ઘણાંક કામ કરેછે, તેથી તેમની મહેનતનાં ફળ ઘણાં વધારે થાયછે, ને તેઓ વધારે દોલતવાન ને સુખી થાયછે; આ દેશના કારીગરો ઘણાં ખરાં કામ સંચાવિના કરેછે, ને જે જુજ સંચા છે તે સારા નથી, તથા મહેનતના વિભાગ પણ ઘણા નથી, તેથી અહીં લોક ઘણું થોડુંજ પેદા કરી શકેછે, ને ગરીબ છે. જે દેશમાં મુદ્દલ સંચા નથી તે આ દેશના લોકથી એ ગરીબ છે. માણસ ઓજારવગર કામ કરેછે, ત્યારે થોડુંજ પેદા કરી શકેછે ને દરિદ્રી હોયછે. અમેરિકાના ઇંડિઅન લોક પાસે મહેનત કરવાનાં ઓજાર નથી, તેથી તેઓ દરિદ્રી છે. જેની પાસે એક કામળી તથા તીર ને કામઠું હોય તે ઇંડિઅનમાં ધનવાન કહેવાયછે. આ દેશના ખેડુતો ને કારીગરોની સ્થિતિમાં ને વિલાયતના તેજ પંક્તિના લોકની સ્થિતિમાં ઘણોજ તફાવત છે. ત્યાં તેમને ખાવા પીવા, ઓઢવા પાથરવા, ને રહેવાનું સુખ છે; પૈસે હાથ છૂટા રહેછે, તેથી પોતાનાં છોકરાને ભણાવી શકેછે, ને અહીં જોઇશું તો ઘણાક મજુરો, ખેડુતો, ને કારીગરો દરિદ્રી છે. નઠારાં ઝુંપડાંમાં રહેછે; છેક હલકાં ધાન્યના રોટલા ખાયછે; અંગ ઢાંકવાને પૂરું મળે નહિ. ઘરમાં ચાર હાલ્લાં ને પોતાના ધંધાનાં ઓજાર એજ તેમની દોલત; બીજું કાંઇ પાસે મળે નહિ. એઉપરથી માલૂમ પડેછે કે ઉદ્યોગથી એટલે મહેનતથી જેમ પેદા થાય તેમ મજુરોને તથા કારીગરોને મોટા રોજ મળેછે, ને બીજા બધા લોકોને ફાયદો થાયછે. આ દેશમાં લોઢાની સડકથી મજુર તથા કારીગરોને રોજી વધારે મળવા લાગી તેથી તેઓની કમાઇ વધીછે, તથા તેઓના સુખમાં પણ વધારો થયોછે.

એક માણસની મહેનતનું ફળ વધારે થાય તેથી ઝાઝો લાભ નથી, પણ દેશનાં સઘળાં માણસની મહેનતનું ફળ વધવું જોઇએ. એક માણસના ખેતરમાં વધારે પાકે તેથી તેના ધણીને નફો થાય ખરો, પણ બીજા લોકને ન થાય. પણ બધાં ખેતરમાં હાલ પાકેછે તેથી બમણું થાય, સુતાર, લુહાર, વણકર, મોચી વગેરે સૌ બમણું કરી શકે તો આ દેશમાં બમણું ધન વધી જાય; બધા હાલ છે તેથી બમણા પૈસાદાર થાય, કેમકે તેમની મહેનતથી તેમને જેટલું હાલ મળેછે તેથી બમણું મળે. સારાં સારાં યંત્રો વાપ-

ર્યાથી તથા મહેનતના વિભાગ કર્યાથી વધારે પેદા થઈ શકેછે. તેથીજ એવો પરિણામ થાયછે.

પાઠ ૯. ધર્મની અગત્ય.

સઘળાકરતાં ધર્મ ઘણોજ અગત્યનો વિષય છે. એ વિષયમાં શું છે તેનો જરા વિચાર કરો. પરમેશ્વરનું, તેના ગુણનું, તથા તેની ઇચ્છાનું જ્ઞાન ધર્મથી આપણને થાયછે. વળી આપણો એટલે માણસ જાતનો સ્વભાવ, પરમેશ્વર જોડે આપણો સંબંધ, આ દુનિયામાં આપણી ફરજો, તથા આ ટૂંકી મુસાફરી પૂરી થયા પછી જે અજાણી જગામાં આપણને મુઆ પછી જવું છે, એ સર્વ આપણે ધર્મવડે જાણીએ છીએ.

માટે ધર્મ ઘણોજ અગત્યનો છે. ઘણા માણસ આ ભૂલી જાયછે, ને માત્ર દુનિયાદારીનાં કામમાં રોકાયછે. આ જગતનાં સુખસિવાય તેમને બીજું કાંઇ સુઝતું નથી. અમર આત્માના અનંત કાળસૂધીના કલ્યાણકરતાં થોડા કાળમાં નાશ પામવાનો જે આ દેહ તેનું સુખ વધારે પસંદ કરેછે ને શોધેછે; જુઠી મોટાઈ પાછળ ફાંફાં મારેછે; ને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની વાત એક ખૂણે પણ સંભારતા નથી.

એ કરવું ઘણું ખોટું ને ધાસ્તી ભરેલું છે. ઈશ્વરનો મહિમા ગાઓ, કેમકે આપણને તેણે સરજ્યાછે. સર્વ માણસની પહેલી ને સૌથી મોટી ફરજ એ છે કે પરમેશ્વરને શોધવો, તેને વિષે શું માનવું, તેની શી શી આજ્ઞા છે, ને આપણા શા શા ધર્મ છે, તેની તજવીજ કરવી. જે એવું ન કરે તેને મોટો પાપી જાણવો. જો આપણું આવરદા હજાર વરસનું હોય, તો એ ધર્મ-સંબંધી તજવીજ ન કરવી એ બહુ ગુના તથા જોખમભરેલું છે; ત્યારે જો આપણને એક ઘડી જીવવાનો પણ પક્કો ભરોસો નથી, ને આપણે એવું અગત્યનું કામ કરવામાં ઢીલ કરીએ, તો કેવી બેવકુફી! ધર્મસંબંધી વિચાર કરવા માંડ્યા પહેલાં ઘણા બુદ્ધિવાનને સારા સ્વભાવના પુરૂષોને તથા સ્ત્રી-ઓને ભર જુવાનીમાં કાળ ઝડપીલેછે. કેટલાએક તો ઘેટાંનાં ટોળાંમાં જેમ એક ઘેટું બીજાની પાછળ જાયછે, તેમ દેખાદેખી કરેછે; બીજા કરે તેમ આંખ મીચીને વગર વિચારે કર્યા જાયછે. કેટલાએક કહેછે જે, આટલું થોડા દહાડાનું કામ છે તે પૂરૂં થશે એટલે નવરાશ મળશે ત્યારે એવિષે વિ-ચાર કરીશું. એમાંના ઘણા બાપડાને તે ધારેલી નવરાશ મળતી નથી; કેમકે તે કામ પૂરૂં થયા પહેલાંતો મોત આવી પહોંચેછે, ને તે બાપડાને પોતાના પેદા

કરનારને જવાબ આપવા જવું પડેછે. કોણ જાણે કદાપિ થોડી વારપછી મોત આવી વાંચનારનો ટોટો ઝાલી તેના અમૂલ્ય આત્માને ઘસડી લઈ જશે! કાલ વહાણે સૂરજ ઊગશે તે પહેલાં કદાપિ તેની કારમી કાયા મસાણમાં બળીને રાખ થઇ ગઈ હશે, કે જમીનમાં દટાઈ હશે! અરે! અરે! ત્યારે એના અમર આત્માનું શું થશે! આ દેહમાં રહી ઈશ્વરની આજ્ઞા તોડીને જે માઠાં કર્મો કર્યાં હશે, ખરે માર્ગે ચાલવાની તક ખોઈ હશે ને સુકૃત કરવાની સૂચના એક કાને સાંભળી બીજે કાને કાઢી નાંખી હશે તેને સારૂ વિશ્વના પવિત્ર ન્યાયાધીશને જવાબ દેવો પડશે.

માટે આ વિષયપર ઘણુંજ ધ્યાન આપો. એક પળની પણ ઢીલ ન કરો. પરમેશ્વરે જે વિચારશક્તિ આપીછે તેનો ઉપયોગ કરો. પરમેશ્વર શોધવો એ તમારો મુખ્ય ધર્મ છે. બધામાંથી સત ખોળી કાઢો. ધર્મનું સત તો અવશ્ય શોધો. એ મહાભારત કામમાં પ્રભુ તમને સહાય કરે!

પાઠ ૧૦. પરમેશ્વર સઘળે છે.

પરમેશ્વર બધે છે. ભોંયમાં કોઈ બી વાવેછે ત્યારે થોડા દહાડામાં તેમાંથી એક ફણગો ફૂટીને ઉપર આવેછે, ને એક નીચે ભોંયમાં ઊતરેછે ને ત્યાંજ વધેછે. જે ઉપર આવેછે તેને પાંદડાં અને ડાંખળાં આવેછે, ને તે મોટો થઇને ઝાડનું થડ થાયછે, બીજો ફણગો મૂળ થાયછે. મૂળ શી રીતે જાણેછે કે મારે ભોંયમાં નીચેજ ઊતરવું જોઇએ અને થડ કેમ જાણેછે કે મારે બહાર જમીન ઉપર આવવું જોઈએ? એ કોઈ જાણતું નથી. જ્યાં બી રોપીએ ત્યાં પરમેશ્વર હમેશા હાજર હોયછે, ને તેને જેમ જોઇએ તેમ ઊગાવેછે. જગત આવડું મોટું છે તોપણ તેમાં એક તલપૂર પણ ઈશ્વરવગરની ખાલી જગા નથી. જ્યાં આપણે બી વાવીએ ત્યાં તે હોયછે. તમે કોઈ દહાડો તમારી નાડ જોઈ છે? જોઈ ન હોય તો હમણા જુઓ. તે કેવી ધડકેછે! એ શાથી ધડકેછે તે તમે જાણોછો? સાંકડી નળીમાં થઈ લોહી હાથમાં દોડતાં ત્યાં અથડાયછે, તેથી એમ ધડક ધડક થાયછે. એ રીતે ધબકતું ધબકતું આખા ડીલમાં દોડેછે. જો એ દોડતું બંધ પડે તો તરત આપણું શરીર ટાઢું થઈ જાય, ને આપણે મરી જઇએ. આપણી નાડ કોણ ચલાવેછે? આપણે ચલાવીએ છીએ! આપણે એને અટકાવી કે ચલાવી શકીએ? ના, એ તો પરમેશ્વરથીજ થઈ શકે. એની શક્તિ આપણામાં ને આપણી બહાર સદાકાળ હાજર છે; સઘળે વખતે ને સઘળી

જગાએ, તે આપણા લોહીને ચલાવેછે, ને નાડ ધડકાવેછે; જાગતા હોઇએ કે ઊંઘતા હોઇએ, ઘેર હોઇએ કે બહાર હોઇએ, રમતા ને દોડતા હોઇએ કે બેઠા હોઇએ, ગમે તેવી સ્થિતિમાં હોઇએ, પણ તે લોહીને ચલાવેછે; જુઓ એ કેવી નવાઈ! પ્રભુ પોતાનું કામ કરવાને એક ક્ષણ પણ ભૂલતો નથી. તે સૌથી મોટો ને સર્વશક્તિમાન છે. તેની મોટાઇને સારૂ આપણે તેને માન આપવું જોઇએ. તે ઘણો સારો છે માટે તેનાપર પ્રીતિ કરવી જોઇએ. તેની નાખુશીથી બીવું જોઇએ. હરરોજ તેની પાસે માફ માગવી જોઇએ અને આપણું રક્ષણ કરવાને પ્રાર્થના કરવી જોઇએ.

આપણી જે જે ફરજો છે તે પરમેશ્વરે કરી આપીછે, ને તેને પાળવાને હૂકમ કર્યાછે માટે તેમાંની એકે ન બજાવીએ તો ઈશ્વરની આજ્ઞા તોડયાનો દોષ બેસે. જ્યારે કોઈ છોકરૂં બીજા છોકરા જોડે ગેરવાજબી ચાલે, ત્યારે તે પરમેશ્વરની આજ્ઞા તોડેછે, ને તેને નાખુશ કરેછે. જો છોકરૂં પોતાનાં માબાપને, મહેતાજીને, કે બીજા કોઇને છેતરે, કે છેતરવાનો મનસુબો કરે, તો તે પરમેશ્વરની આજ્ઞા તોડે, ને તેને નારાજી કરે. હરકોઈ ગુનો આપણે કરીએ તેથી પરમેશ્વરનો કાયદો તૂટે. એ કાયદો તોડયાને સારૂ પરમેશ્વરની માફી ન મળે, ત્યાંસુધી આપણે ખરેખાત કદી સુખી થઇએ નહિ, માટે ઈશ્વરની મહેર આપણાપર સદા રાખવાને જીવીએ ત્યાંસુધી જેટલું થાય તેટલું કરવું જોઇએ.

પાઠ ૧૧. જૂઠ.

સૌને હમેશા સાચું બોલવાની ઘણી જરૂર છે. જો તમારાં ભાગ્ય એવાં સારાં હશે કે નાનપણથીજ સાચું બોલવાની ટેવ પડે, તો ઘણું કરીને તે ટેવ રહેશે; પણ જો બાળપણથીજ તમે જૂઠું બોલવાને તથા છેતરવાને આંચકો નહિ ખાતા હો તો પછી જેમ જેમ તમે મોટા થતા જશો તેમ તેમ એ માઠી ટેવ વધારે વધારે પડતી જશે; તેમાં શી નવાઈ છે? જ્યારે તમારો કાંઇ વાંક પડે ત્યારે તમારાં માબાપથી કે મહેતાજીથી તે છાનો રાખવાને જૂઠું બોલી તેમને છેતરવાનું તમને મન થશે, પણ હમેશા એવી વેળાએ મન સાવધ રાખી એવાં દુષ્ટ કર્મથી વેગળા રહો. જૂઠું બોલી છેતરશો તો અગાઉ એક ગુનો હતો તે તેથી બે થશે; ને તમારી ચાલ વળી વધારે માઠી થશે. પણ જો તમે પ્રમાણિક થઈ સાચેસાચું કહી દેશો, તો ઘણુંકરીને તમારાપર તેઓ ઓછી રીસ કરશે. જ્યારે એમ માલૂમ પડશે કે તમે વાંક કર્યો, ને તે છાનો

રાખવાને જૂઠું બોલ્યા ત્યારે તેઓ વધારે નાખુશ થશે; ને શિક્ષા પણ ભારે કરશે. જૂઠું બોલી ગુના છૂપાવવાની તકસીરથી તમારે અળગાં રહેવું હોય, તો એક મોટો ઉપાય એ છે કે જેમ ઓછા ગુના થાય તેમ કરો.

જૂઠું બોલવાનું ગમે એટલું મન થાય, ને ગમે એવું કારણ હોય પણ તેમ કરવું નહિ. એ લાલચમાં કદી લપટાવું નહિ. જૂઠું બોલવું એ નીચ ને હલકા સ્વભાવની નિશાની છે. તેથી વખતે તમને થોડી અડચણ નહિ પડે. કદાપિ કાંઈક નફો થાય, તોપણ તેથી તમારે લલચાવું નહિ. એથી મળેલો લાભ ઘણીવાર રહેતો નથી. જૂઠું બોલનારનું જૂઠ પકડાઈ આવ્યાવિના રહેતું નથી, ને તે પકડાયછે ત્યારે તેનાપર કોઈનો વિશ્વાસ બેસતો નથી. તેનું કહ્યું કોઈથી મનાતું નથી. જૂઠું બોલવાથી બીજા ઘણા દુર્ગુણ આવેછે; સારાં લક્ષણ છેક બગડી જાયછે; અને અંતે તે માણસ ધિક્કારવા જોગ થાયછે.

હવે સાચું બોલવાના ફાયદા ઉપર વિચાર કરો. પહેલું તો તમારા પોતાના મનનેજ એથી કેટલું સુખ થશે તે વિચારો. જૂઠું બોલવાનું પાપ નથી કર્યું એવું વિચારશો ત્યારે તમને આનંદ નહિ થાય? વળી બીજા બધા વખાણ કરે તેથી હરખ નહિ પામશો? સાચવટ કરતાં વધારે વખાણવા જોગ બીજું શું છે? કોઈ આદમીવિષે આપણે એમ કહી શકીએ કે એ ભરોસો રાખવા લાયક માણસ છે, એ સાચો માણસ છે, એને જૂઠું બોલવાનો તિરસ્કાર છે, તો પછી એથી કંઈ વધારે આબરૂ આપણે તેને આપી શકીશું? વાંચનાર, સત્ય કરીને માનજો કે જો ઈશ્વરકૃપાથી અત્યારથી તમે સાચું બોલવાનો ટેવનો ને પ્રમાણિકપણાનો પાયો બાંધશો, તો આખા ભવસુધી દુર્ગુણ ને અપરાધની એક મોટી જાળમાંથી છૂટા રહેશો, ને નાનપણથીજ એ સદ્‌ગુણો સંઘર્યા માટે અંતકાળસુધી હરખાશો. જૂઠું ન બોલવું, ને અપ્રમાણિક કામ ન કરવું, એટલુંજ બસ નથી, પણ મનમાં એવા વિચાર આવવા એ દેવા નહિ. એવા વિચાર જરા આવે કે તરત દબાવી દેવા, નહિતો કોઈ દહાડો જાણી જોઈને કે ભૂલથી ફસાઈ પડશો.

પાઠ ૧૨. લાંચ.

સરકાર, રાજા, અથવા ખાનગી ગૃહસ્થ કોઈ માણસને કાંઈ કામપર નોકર રાખે, અથવા કાંઈ કામ સોંપે તે કરવામાં તે માણસ કાંઈ લાલચ લે તેને લાંચ કહેછે. લાંચ લેવી એ મોટો ગુનો છે. આ દેશના કેટલાક દુરાચરણી સરકારી નોકરો તથા વેપારીના મુનીમો તથા વાણોતરો એ દુષ્ટ કર્મ

કરેછે. તેઓ પાપી છે એટલુંજ નહિ, પણ તેઓ પોતાના દેશને લાજ લગાડેછે. લાંચ લેવી એ ચોરી કરવાના જેવુંજ ખોટું કામ છે. એવા હરામના પૈસા મેળવવાકરતાં ગરીબ રહેવું તે સારૂં. એથી ઘણો અન્યાય ને વિશ્વાસઘાત થાયછે. જે અનેક ગેરફાયદા લાંચલીધાથી થાયછે તેમાંના થોડાએક આપણે વિચારી જોઇએ. જે માણસ વેપાર કરેછે તેનાથી બધું કામ જાતે થઇ શકતું નથી, માટે મુનીમ તથા ગુમાસ્તા રાખેછે, તથા દેશાવરમાં માલ ખરીદ કરવાને તથા વેચવા વગેરે દુકાનનું કામ કરવાને વાણોતરને કે મુનીમને મોકલેછે. પોતાનાં નાણાં તથા માલ તેમને સોંપેછે, ને તેમના પ્રમાણિકપણાપર ભરોસો રાખેછે. નઠારા મુનીમો માલ ખરીદ કરવામાં વેચનાર પાસેથી લાંચ લઇને વધારે ભાવ આપેછે, તેથી તેના શેઠને ઘણું નુકસાન થાયછે. બીજાં પણ ઘણાંક કામમાં તેઓ પૈસા ખાઇને શેઠને નુકસાન કરેછે. વેપારમાં જેમ વધારે લાભ થાય, તેમ ઘણાક લોકને વેપાર કરવાનું મન થાયછે. ને જેમ વેપાર વધેછે તેમ દેશની દોલત વધેછે, ને સર્વ વધારે સુખી થાયછે. પણ જ્યારે લાંચ વગેરેલુચ્ચાઇ ને દગલબાજીથી તેમને ઓછો લાભ થાયછે, ત્યારે વેપાર કરવાનું ઘણાને મન થાય નહિ. સો પોતાના રૂપિઆ ઘરમાં રોકી રાખે તેથી ખેડુતનો માલ ખપે નહિ, ધંધો રોજગાર ઘણાને મળે નહિ,ને સો દુઃખી થાય. જ્યાંરે સરકારી માણસ લાંચ લેછે, ત્યારે પણ બહુ માઠા પરિણામ થાયછે. મુનસિફ, સદરઅમીન, કે મામલતદાર લાંચ લઇને ખોટા ઇનસાફ કરે ત્યારે ગરીબ લોક માર્યા જાય, કેમકે તે બાપડાને પૈસા આપવા મળે નહિ; પૈસાદાર લોક ગરીબપર જુલમ કરે, ને દેશમાં લુચ્ચાઇ ઘણી વધી પડે. લુચ્ચા લોકો લાંચ આપી છુટી જાય. વેપાર પણ તૂટી જાય, કેમકે વેપારમાં ઘણો માલ તથા નાણું ઊધાર અપાયછે, તે લેનાર જ્યારે ભલમનસાઇથી નથી આપતા, ત્યારે તેમનાપર ફર્યાદી કરી લેછે; પણ જો ફર્યાદી સાંભળનારા લાંચ લઇ ઊંધો ઇનસાફ કરે, ત્યારે ભલા માણસ બાપડા રોઇને બેસે. એથી ધીર ઓછી થઇને વેપાર ધંધો બંધ પડે, તેથી દેશમાં કેટલી ખરાબી થાય? કેટલો ગેરબંદોબસ્ત થાય? હાલ કેટલાક દુર્જનો લાંચ લેછે તેથી એવા પરિણામ થાયછે તે આપણે નજરે જોઇએછીએ. શિરસ્તેદારો ખોટું સમજાવી જૂઠા ન્યાય કરાવે, તેથી પણ એવાં માઠાં ફળ થાયછે. એવું કરનારા દુષ્ટ માણસ સરકારના ને પરમેશ્વરના પણ ચોર થાયછે. કોઇ એમ ધારે કે ખરો ઇનસાફ કરી જેનું ખરૂં હોય તેની પાસેથી રૂશવત લેવી તેમાં દોષ નથી. પણ એમ ધારવું કેવળ ખોટું છે, કેમકે ઇનસાફ ગમે તેવો ખરો કરે, પણ સામાના તથા લોકના મનમાં

એમ આવે કે લાંચ લઈને ખોટો ન્યાય કર્યો; વળી જીતનાર પણ એમ જાણે કે મેં લાંચ આપી તેથી હું જીત્યો. જો તેની વાત ખરી હોય તો તેને જીતાડવો એમાં લાંચ શાસારૂ લેવી જોઈએ? એ તો તેને, લોકને, તથા સરકારને કે પોતાના રાજાને છેતર્યા બરોબર છે. માટે જે અમલદારો બેઉ તરફનવાળાને ભરોસો આપી તેમાંથી જેનું ખરૂં ઠરે તેની પાસે લાંચ લેછે તે પણ પેલા અન્યાય કરીને લાંચ લેનારના જેટલુંજ પાપ કરેછે, ને તેના જેવાજ દુષ્ટ છે, માટે એવું પણ કોઈએ કરવું નહિ. એવા લોકથી હમેશા વાજબી રહેવાતું નથી, જે વધારે પૈસા આપે તેની તરફદારી તેઓ કરેછે.

કેટલાએક તો એવા લુચ્ચા હોયછે કે તેમનું કાંઈ ચલણ ન હોય તોપણ બાપડા અજાણ્યા લોકને ભમાવેછે, ને જેનું કામ થાય તેની પાસે લાંચ લેછે. એવા ઠગોનો જેટલો ધિક્કાર કરીએ તેટલો ઓછો છે.

સરકારી કે પારકા કાગળની નકલ કરી આપવી, અથવા છાની ખબર કહેવી, કે જપ્તી કરવામાં માલધણીને મળી જવું, એ વગેરે દગલબાજી કરીને અને છેતરીને લાંચ લેવાના સેંકડો પ્રકાર છે. તે સઘળામાં મોટું પાપ છે, માટે એ દુષ્ટ કર્મ કોઈએ કરવું નહિ. આપણને જે કામ કરવાને પગાર મળતો હોય કે જે કામ આપણાપર ભરોસો રાખી સોંપ્યું હોય તે વાજબી રીતે કરવું; કાંઈ અણઘટતું કરવું નહિ, ને એક પાઈ પણ લાંચ લેવી નહિ. ખુશીથી આપે તોપણ લેવી નહિ. લૂગડાં, ઘરેણાં, ખાવાનું કાંઈ લેવું નહિ. એ વાત સરકારમાં જણાયછે, ત્યારે કેદ વગેરેની ભારે સજા થાયછે. પણ એમ ધારો કે સરકારે ન જાણ્યું, તોપણ પરમેશ્વર જાણ્યાવગર રહેશે નહિ. ચાર દહાડાના જૂઠા લાભને માટે પાપ કરવું નહિ. લાંચ લેવાની ટેવ લોક છોડશે, ત્યારે આ દેશના લોકની ઘણીજ આબરૂ વધશે, તથા સરકાર ભરોસો કરી દેશી લોકને મોટી નોકરી આપશે, ને લોક બહુ સુખી થશે. લાંચ નથી લેતા તેને બહુજ માન મળેછે. માટે પોતે લેવી નહિ, ને બીજાને લેવા દેવી નહિ. લાંચના પૈસાની હવેલી કરતાં લાંચ ન લેવાની કીર્ત્તિની હવેલી ઘણાં વરસસૂધી શોભિતી રહેછે.

પાઠ ૧૩. ઓકેળવણી. ભાગ ૧.

આ દેશના ઘણા લોક પોતાની છોડીઓને ભણાવવાની ના કહેછે, ને તેનું કારણ એમ બતાવેછે કે પૈસા પેદા કરવાસારૂ ભણવું જોઈએ ને ભણવાથી બીજો કાંઈ ફાયદો નથી; બાઈડીઓને કાંઈ રળવા જવું નથી,

માટે તેમને ભણવાની કાંઈ જરૂર નથી. આ તકરાર કેવળ જુઠી છે. રળવાની વાત એક કોરે મૂકીને જોઇશું, તોપણ ભણવાથી ઘણા ફાયદા જણાશે. જે બુદ્ધિ એટલે મનની શક્તિઓ પરમેશ્વરે સ્ત્રીપુરૂષને આપીછે, તે ભણવાથી ખૂલેછે અને સુધરેછે, ને તેથી તેઓ વધારે ઉપયોગી થાયછે. વળી ભણેલું હોય તે પોતે જાતે વધારે સુખી થાયછે, ને પારકાને વધારે સુખી કરેછે. પણ સરકારની નોકરી કરવાની જેઓ ઉમેદ રાખેછે તેઓ એમ કહેછે કે વાંચવાં તથા સારા દસકત લખતાં આવડે એટલે અમે ભણી રહ્યા, અમારે વધારે ભણવાનું કંઈ કામ નથી. વેપારી કે દુકાનદાર કહેછે કે અમારા છોકરાને આંક, નામાં, ને હિસાબ આવડ્યા એટલે બસ થયું, વધારે ભણવાની ગરજ નથી. ખેડુતો કહેછે કે અમારા છોકરાને મજુરી કરવી છે તેને ભણવાની જરૂર નથી. પણ ભણવાનો જે ખરો અર્થ ઉપર કહ્યો તે જો તેઓ સમજે તો આવું કદી કહે નહિ.

મૂર્ખ બાઈડીઓ કરતાં ભણેલી બાઈડીઓ ઘરનું કામ વધારે સારૂં કરેછે; ઘરમાં બધું સાફસૂફ ને ચોખ્ખું રાખેછે. પોતે ફૂઅડ રહેતી નથી. મૂર્ખ બાઈડીની પેઠે તેઓ પોતાનો વખત લોકના કુથલા કરવામાં, ગાળો દેવામાં, લડવામાં કે ઊંઘવામાં કાઢતી નથી, પણ ઘરનું કામકાજ કરી રહ્યા પછી શીવવામાં, ભરવામાં, ગુંથવામાં, સારાં પુસ્તકો વાંચવામાં ને એવાં એવાં કામમાં કાઢેછે.

વગર ભણેલી બૈરીઓ ઘણી વહેમી હોયછે. તેઓ પોતાના ધણી પાસે નકામા પૈસા ખરચાવેછે, તથા પોતે નઠારાં કામ કરેછે. પોતાનો ધણી કાંઇ કરવાનો હોય ને તેની મતલબ બરાબર સમજાય નહિ, તોપણ તેને તે કરવા દેતી નથી. ધણી વધારે સારા રોજગારપર પરગામ કે પરદેશ જતો હોય, તો તે ગામની કે તે દેશની તેને કાંઈ ખબર ન હોય, તોપણ તેને ત્યાં જવા ન દે. ઘરેણાં કરાવવાની શક્તિ ન હોય તો સંતોષ રાખ્યાને બદલે તેને સંતાપે ને પોતાની બેનનો કે પાડોશણનો વર તાલેવર હોય તેના જેવાં ઘરેણાં કરાવવાને ઇચ્છી તેને દુઃખ દે. રૂપિઆ વ્યાજે મૂકવાની કે તેનો વેપાર કરવાની તેની મરજી હોય, પણ તેમ કરવા ન દે, ને ઘરેણાં ને ભારે લુગડાં કરવાને હઠ લે. એ બધું મૂર્ખાઇને લીધે કરેછે. નજીવી વાતમાં રીસાય, ને કજીઓ કરે. જ્ઞાની સ્ત્રીને જે વાત હલકી ને મનમાં ન લાવવા જોગ જણાય તે મૂર્ખને મોટી પહાડ જેવડી લાગે. દાખલો; વર બાપડો થાક્યો હાર્યો ઘેર આવે તેની સાથે મીઠી મીઠી ને તેનું મન રીઝે તેવી વાતો કરી તેને સુખી કરવાને બદલે મોટું મોં ચડાવીને ફફડવા માંડે. કહેવત છે કે મૂર્ખ સ્ત્રીની બુદ્ધિ પાનીએ છે; તે

ખરી છે. તે કહેશે, ફુલાણીએ મને આમ કહ્યું, ને ફુલાણાએ તેમ કહ્યું, સાસુએ કામ બહુ કરાવ્યું કે નણંદે ગાળ દીધી, ને ચાકરે કહ્યું ન માન્યું એમ કહી કડવા કડવા બોલ બોલેછે, ને કંકાસ કરેછે, ત્યારે તેને વઢવાની પેલા બિચારાને જરૂર પડેછે; વઢેછે ત્યારે પેલી મૂર્ખ ભાલા જેવાં વેણ સામાં મારેછે. ઘણીવાર એવું પણ બનેછે કે વર તેની વાતો સાંભળી સાંભળી તેના જેવોજ નાના મનનો, નાદાન, ને વહેમી થઈ જાયછે.

પણ જો સ્ત્રીઓ ભણેલી હોય તો તેઓ એવી નાની ને બેવકુફીની વાતોને લેખવે નહિ, ને સૌસાથે હળીમળીને ચાલે, પોતાના વરજોડે જ્ઞાનની ડાહી ડાહી વાતો કરે, ભૂગોળ, ઇતિહાસ, ખગોળ વગેરે વિદ્યાની વાતો સમજે, ને ઘરની, નાતની, કે પાડોશીની વાતો આખો દહાડો કરવાને ઠેકાણે બીજા દેશની કે વિદ્યાની વાતોમાં સામિલ થાય. અડચણની વેળાએ ભરથારને સારી સલાહ આપે, ને તેના દુઃખથી પોતે દુઃખી થાય.

પાઠ ૧૪. સ્ત્રીકેળવણી. ભાગ ૨.

ઘણા લોક એવું બહાનું કાઢેછે કે છોડીઓને ભણાવવાનો ચાલ નથી. એવા માણસને એમ પૂછવું કે એથી ફાયદો છે કે નહિ? બધી સ્ત્રીઓને વેપાર, રોજગાર, કે નોકરી કરીને કમાવું નથી એ ખરૂં. પણ ભણેથી તેઓ પોતાનાં છોકરાંનું વધારે સારૂં નહિ કરશે? આપણે જેટલી ભણવાની જરૂર છે તેટલી આપણી સ્ત્રીઓને તથા છોડીઓને ભણવાની જરૂર છે, કેમકે જ્ઞાન સુખનું મૂળ છે. એવડે નીતિ ને શુભ લક્ષણ આવેછે. જેમ સૂરજ અંધારાને હાંકી કાઢેછે તેમ જ્ઞાન આળસને તથા બીજા દુર્ગુણને કાઢી મૂકેછે. માબાપ પોતાની છોડીને શીખવે તો તેથી માબાપ, છોડી ને બીજાં સૌ સુખી થાય. પુરૂષમાં જેમ બુદ્ધિ ને વિચારશક્તિ છે તેમ શું સ્ત્રીમાં નથી? નારી જાતની મનની શક્તિઓ પણ નરજાતના જેટલીજ છે. જેની વહુ સારી કેળવાએલી હોયછે તે ઘણું કરીને સુખી થાયછે. એવી બાઈ પોતાનાં છોકરાંની સારી સંભાળ લઈ શકેછે, તેમનાં કુમળાં મનમાં નીતિ તથા પરમેશ્વર સંબંધી સારા સારા વિચાર ઉતારી શકેછે, ને બાળપણથી તેમને સાચું બોલવા વગેરે સારી ટેવ પાડેછે, તે પોતાના ઘરનો હિસાબ રાખેછે, વિચારીને ધણીના ગજાપ્રમાણે ખર્ચ કરાવેછે, ને ઘરનાં બીજાં કેટલાંએક કામ પણ કરી શકેછે. ઘરમાં સંપત્તિ રહેછે, વહુવારૂઓને પોતે દુઃખ દેતી નથી, ને બીજા કોઇને દેવા દેતી નથી. પોતાના છોકરાને ખોટું ખોટું સમજાવી તેની વહુજોડે લડાવતી નથી. પણ તે બેઉવચ્ચે બહુ પ્રીતિ થાય તેવું કરેછે. માટે

બાઈડીઓને મૂર્ખ રાખવી એ બેવકૂફી તથા ગુના ભરેલું કામ છે. છોકડીઓને ખાસુખા ભણાવવી જોઈએ, ને બૈરાંસાથે હેત માયાથી ચાલવું જોઈએ. એવું કર્યાને ઠેકાણે તેમને અજાણ રાખેછે, તથા એવાં નીચ ને હલકાં ગણેછે, તથા એટલું દુઃખ દેછે કે તેમનાં હૈયાં કઠણ ને દુષ્ટ થઈ જાયછે, તથા તેમનો સ્વભાવ બગડી જાયછે, ને તેમનામાં ઘણાં કુલક્ષણ આવેછે. આ દેશની મૂર્ખ બાઈડીઓ દુર્ગુણી હોયતો તેમાં પુરૂષોનો વિશેષ વાંક છે. પુરૂષ તેમને ભણાવે તો તેઓ સુધરે. એકલું વાંચતાં લખતાં આવડે તે ભણેલાં કહેવાતાં નથી. તેઓ મૂર્ખ છે. જેની બુદ્ધિ ખુલેલી હોય, જે જ્ઞાની થયું હોય, અને સદાચરણથી ચાલે તે ભણેલું કહેવાયછે.

સ્ત્રીકેળવણીની વાતમાં અસલના હિંદુઓ હાલના જેવા નાદાન નહોતા. અસલની બાઈડીઓ વિદ્વાન હતી. જુના ગ્રંથોમાં જોઈએ છીએ ત્યારે માલૂમ પડેછે કે સ્ત્રીઓને હાથે મોટા ગ્રંથો રચાયાછે, તથા તેમણે મહાપંડિતોને વિદ્યાના વાદમાં હરાવ્યાછે. દમયંતી, કુંતી, દ્રૌપદી, રૂખમણી આદિ લઈ ઘણી રાણીઓ ભણેલી હતી. રાજારાણીની સ્ત્રીઓ ભણતી એટલુંજ નહિ, પણ લોકની બાઈડીઓ ભણતી. મંડનમિશ્ર નામે એક પંડિતની સરસ્વતી નામે વહુ બહુ ભણેલી હતી. તેમજ ભાસ્કરાચાર્યની દીકરી લીલાવતી પણ તેવીજ વિદ્વાન હતી. શોધ કરતાં એવા સેંકડો દાખલા જડેછે તેપરથી જણાયછે કે અસલની ઘણીખરી સ્ત્રીઓ ભણેલી હતી. ભરતખંડમાં અસલ વિદ્યા ઘણી હતી તેનું એક કારણ એ હતું કે તે વેળા સ્ત્રીઓ ભણતી તેથી પોતાનાં છોકરાંને અભ્યાસ કરાવવાપર ઘણી મહેનત લેતી. સારાં સારાં લૂગડાં ઘરેણાં પહેરાવવાં કે જમવા તેડી જવાં, કે વહેલાં વહેલાં પરણાવવાં, એના પર જેટલું તેઓ લક્ષ આપતી તેના કરતાં છોકરાંને ભણાવવાપર તથા પોતાનો અભ્યાસ કરવાપર તેઓ વધારે ધ્યાન આપતી.

પાઠ ૧૫. સૂરજમાળા.

છઠ્ઠી ચોપડીમાં તમે શીખી ગયા કે સૂરજ ને ગ્રહ મળીને સૂરજમાળા કહેવાયછે. એવિષે બીજી ઘણી વાતો જાણવાની છે. વળી તમે એવું પણ શીખી ગયાછો કે પૃથ્વી પોતાની ધરીઉપર ચોવીસ કલાકમાં એક ફેરો કરેછે, તેથી રાત દહાડો થાયછે. એ સૂરજની આસપાસ એક વરસમાં ફરી રહેછે. બીજા ગ્રહો છે તે પણ પૃથ્વીની પેઠે એ રીતે ફરેછે. એ બે પ્રકારના છે, મુખ્ય ગ્રહ અને ઉપગ્રહ. પહેલી જાતના સો કરતાં વધારે છે. એ બધા કેવી

રીતે અને સૂરજથી કેટલે અંતરે રહીને ફરેછે, તથા તેમનું કદ કેવડું છે તે આ નીચે લખેલા વર્ણન પરથી સમજાશે.

બે ફુટ વ્યાસનો એક ગોળો બનાવીને મૂકો, તેનું નામ જાણે સૂરજ. એ સૂરજમાળામાં મધ્ય ભાગે છે, માટે એને વચમાં રાખીએ, અને તેથી ૧૬૪ ફુટને અન્તરે એક રાઇનો દાણો મૂકીએ તો તે પહેલો એટલે સૂરજની પાસેનો ગ્રહ બુધ થાય, કેમકે સૂરજની જોડે એનું કદ સરખાવીએ તો એટલું થાયછે. એ ગોળાથી ૨૧૪ ફુટને અન્તરે એક વટાણો મૂકો, તો તે બીજો ગ્રહ શુક્ર થાય. એજ પ્રમાણે ૪૩૦ ફુટને છેટે બીજો વટાણો મૂકશો તો તે ત્રીજો ગ્રહ પૃથ્વી થશે. ૬૧૪ ફુટને તફાવતે ટાંકણીના માથા જેટલી રજ મૂકશો તો તે ચોથો ગ્રહ મંગળ. સૂરજથી ૧૧૦૦ ફુટને અન્તરે રેતીના ઝીણામાં ઝીણા ૪૦ કણ મૂકો તો તે વેસ્ટા, જૂનો, પાલાસ, સીરીસ, અને બીજા નાના ગ્રહ છે તે બતાવશે. એ ઝીણા ગ્રહો કોઈ એક ગ્રહ ફાટીને તેના કકડા થઈ ગયા હોય એવું લાગેછે. પેલા ગોળાથી અર્દ્ધ મૈલને અંતરે વચલા કદની નારંગી મૂકો તો તે બૃહસ્પતિગ્રહની નિશાની થશે. જો એક મૈલના ચારપંચમાંશ જેટલે તફાવતે એકરતાં જરા નાની નારંગી મૂકો, તો તે શનિ ગ્રહ બતાવશે. યુરેનસ ગ્રહ જે શનિકરતાં પણ દૂર છે તે બતાવવાને સારૂ દોઢ મૈલને અંતરે એક કાજુફળ મૂકવું જોઈએ, અને છેલ્લો જે નેપત્યુન તે દેખાડવાને સારૂ તે ગોળાથી અઢી મૈલ આઘું એકે નાનું કાજુફળ મૂકવું.

આ ઉપરથી એમ ન સમજવું કે સૂરજથી ગ્રહો ઉપર કહ્યા તેટલાજ ફુટને છેટે છે, પણ એ તો માત્ર દાખલો છે. એ તો કરોડો મૈલને અંતરે છે. પણ તેનો વિચાર બરાબર ધ્યાનમાં આવે તેટલાસારૂ એકબીજાનાં તફાવત સરખાવેલાં છે. વળી એમ પણ ન જાણવું કે ઉપર કહેલુંછે તેમ એ ગ્રહ વટાણા કે રાઈ જેવડા છે. સૂરજની જોડે સરખાવી જોતાં તેમનું કદ એટલું છે. ઉપર જે બધા મુખ્ય ગ્રહો કહ્યા તે બધા સૂરજની આસપાસ કુંડાળાજેવા માર્ગમાં પશ્ચિમથી પૂર્વભણી ફરેછે. વળી એમની આસપાસ ફરનારા બીજા ગ્રહો છે તેને ઉપગ્રહ અથવા ચંદ્ર કહેછે. જેમ પૃથ્વીની આસપાસ ફરનારો એક ચંદ્ર છે, તેમ બૃહસ્પતિ, શનિ, યુરેનસ, અને નેપત્યુનની આસપાસ ફરનારા ઘણા છે. તે બધાની સંખ્યા વીસ છે. એને ઉપગ્રહ કહેછે, કેમકે એ ગ્રહની આસપાસ ફરેછે અને ગ્રહની જોડે રહીને સૂરજની આસપાસ પણ ફરેછે.

ગ્રહ ને ઉપગ્રહ વિના સૂરજની ચોમેર ફરનારા એક બીજી જાતના તારા છે તેને ધુમકેતુ કે પૂછડીઆ તારા કહેછે. એને વિષે પૂરી ખબર પડી

નથી; માત્ર એટલું જાણવામાં આવ્યુંછે કે તે સૂરજની આસપાસ ફરેછે, ને કેટલાક તો આકાશમાં એટલે તો છેટે ચાલ્યા જાયછે કે સેંકડો વરસે પાછા દેખાવ દેછે.

ઉપર જે સૂરજમાળાની હકીકત ગઈ તે અસલ ગ્રીસ દેશના એક પંડિત પિથાગોરાસને તથા આપણા મુલકના આર્યભટ કરીને એક વિદ્વાન્ બ્રાહ્મણને થોડી ઘણી માલૂમ હતી. પિથાગોરાસ ઇસ્વી સનની પહેલાં આશરે પાંચસો વરસપર થઈ ગયો હતો પણ એની કોઈએ પછવાડેથી દરકાર ન કરી; અને તેથી ઊલટુંજ મત બીજા વિદ્વાનોએ ચલાવવા માંડયું કે પૃથ્વીની આસપાસ સૂરજ, ચંદ્ર, અને બીજા બધા ગ્રહ ફરેછે. એ મત ઘણા કાળલગી યુરોપ ખંડમાં ચાલ્યું, અને હજુ આપણા જોશીઓમાં પણ ચાલેછે. ત્રણસો વરસપર કોપર્નિકસ નામે ખગોળવેત્તા પ્રુશિઆમાં થયો તેણે એ મતનું ખંડન કર્યું, અને અસલ પિથાગોરાસનો વિચાર હતો તે ખરો છે એવું કહ્યું. એ મતને ગાલિલીઓ જે બીજો પંડિત થયો તેણે કબૂલ રાખ્યું, અને કેટલાક દાખલાથી સિદ્ધ કરી આપ્યું કે એ કોપર્નિકસની વાત ખરી છે. પણ ઇંગ્લંડના મહાવિદ્વાન સર એસાક ન્યૂટને ગણિતશાસ્ત્રની રીતે તથા બીજા ઘણા દાખલાથી સાબીત કરી આપ્યું કે આપણે ઉપર જે સૂરજમાળા વિષે લખ્યું તે ખરૂં છે.

પાઠ ૧૬. પાપ.

પાપી મનુષ્ય! પાપ એ શું છે તેનો તેં કદી વિચાર કર્યોછે? જો તેં આવિષે શોધ કીધો ન હોય તો નક્કી જાણજે કે તારી સ્થિતિ ખરાબ છે, ભય ભરેલી ખરાબ છે. તારો ઉદ્ધાર થવો કઠણ છે. ગંભીરપણાથી આકાશ તરફ તું નજર કર; તારૂં અંતઃકરણ ઈશ્વર તરફ લગાડ અને બોલ કે હે પ્રભુ! મને પાપવિષે બરાબર વિચાર આપ.

પાપ એ નિયમનું ભંજન છે. કિયા નિયમનું? સર્વથી પવિત્ર ઈશ્વરી નિયમનું. મેં કદી પૂછ્યું છે કે મેં ઈશ્વરનો નિયમ ભાગ્યો? મેં કદી વિચાર કીધોછે કે જે પ્રમાણે બોલથી અથવા કામથી ઈશ્વરના નિયમનું ખંડન થાયછે તે પ્રમાણે મનની ધારણાથી પણ થાયછે? રાજ્યનો કાયદો તોડનાર ગુનેગાર વખતે ન પકડાય: પણ ઈશ્વરી કાયદો તોડનારનાં પાપ ઈશ્વરના જાણવામાં આવ્યાવિના કદી રહે નહિ. રે પ્રભુ! તારા કાયદાવિષે મેં હજી વિચારજ નથી કર્યો. હું કવો અભાગ્યો!

હાય હાય ! કેટલા બધા વિચાર મારા મનમાં ઉત્પન્ન થાયછે! હું જાણુતો નથી કે પ્લાણ્ણા પાપ ભરેલાછે. દરેક દહાડે મેં કેટલા બધા ભુંડા બોલ વાપર્યાંછે કે જેનો હું વિચાર કરતો નથી? તે દરેકને માટે મને જવાબ દેવો પડશે. મારાં માઠાં કામ, માઠા વિચાર અને માઠા બોલને માટે મારા દિલમાંથી ક્યારે ખરો પસ્તાવો થશે, અને સાચા દિલથી હું ક્યારે કહીશ કે "હે ઇશ્વિર! હું પાપી મનુષ્ય ઉપર તું દયા કર."

જો પાપ એ ઇશ્વરના કાયદાનું ભંજન હોય, એટલે કામ કરવામાં, વિચાર કરવામાં, બોલ બોલવામાં કાયદા પ્રમાણે ન કરવું, તથા જે કરવાને કાયદો મના કરેછે તે કરવું, એ પાપ હોય તો મને કેટલો બધો જવાબ આપવો પડશે તેનો મેં અગાઉ બિલકુલ વિચાર કીધો નથી!

હે ઈશ્વર! મારા અંતઃકરણને હવે જાણવા દે કે પાપ એ શું છે!

પાઠ ૧૭. વેશ્યારાંડોનો નાચ.

આ દેશના શ્રીમંતોમાં એક અનીતિ અને અવગુણ ભરેલા રિવાજ છે તે જોઈને અમને દિલગીરી તેમજ અચરતી ઊપજેછે. અઘટિત અને અનીતિનો રિવાજ એકદમ નાબુદ થવો જોઈએ. જે અઘટિત અને અનીતિભરેલા રિવાજ વિષે અમે બોલવા ઇચ્છીએ છઈએ તે વેશ્યારાંડોનો નાચ અથવા બેઠક કરવાનો રિવાજ છે. જ્યારે ત્યારે અને વારે ઘડીએ હરેક ખુશીને વખતે ધનવાન માણસો પોતાને બગીચે અથવા ઘેર બેઠક કરેછે, અને પોતાના મિત્રોને તથા ઓળખીતાઓને નોતરેછે. આ બેઠકમાં વેશ્યારાંડાને નચાવેછે. એ રિવાજ કેટલો અનીતિ અને અવગુણ ભરેલો, કેટલો હલકો અને નામોશી લગાડનારો તથા કેટલો અણઘટતો છે તે બાબતનો તેઓ બિલકુલ વિચાર કરતા નથી. એથી જણાયછે કે જે સ્ત્રી કસબણનો ધંધો લઈને બેઠેલી અને સર્વ પ્રકારની અનીતિમાં ગરક થઇ ગએલી તેને પોતાના પવિત્ર મકાનમાં બોલાવવાને તેઓ જરા પણ આચકો ખાતા નથી, તથા જરાપણ શરમભરેલું અને ગેરવાજબી વિચારતા નથી. આ ખચીત દુઃખભરેલી વાત છે. ગાયનની કળા ઈશ્વરી બક્ષિશ છે અને તે સાંભળવાથી સર્વનાં મન આનંદ પામેછે એ સાચી વાત; પણ તે ગાવાને વાસ્તે વેશ્યારાંડાને બોલાવી પોતાનું ઘર તેમજ કુટુંબ અપવિત્ર કરવું એ અમને કોઈપણ પ્રકારે વાજબી લાગતું નથી.

વેશ્યાનો ધંધો કર્યા વગર માત્ર ગાયનનો ધંધો કરીને પોતાનો ગુજારો

ચલાવતી હોય એવી સ્ત્રીઓ આપણા દેશમાં નથી. જો એવી સ્ત્રીએ હોત તો તેઓને નાચવાને તથા ગાવાને બોલાવવામાં કાંઈ પણ અડચણ જેવું ન હોત. માઠા ભાગ્યે સદાચરણી સ્ત્રીઓમાં ગાયન નહિ શીખવાનો તથા પુરૂષોની મિજલસમાં દાખલ નહિ થવાનો ચાલ આપણામાં લાંબી મુદતથી પડેલોછે તેથી ગાયન કરવાને સદ્ગુણી સ્ત્રીઓ મળે એવી આશા હાલ રાખી શકાતી નથી. પરંતુ ગવૈયાથી અથવા નાટકથી અથવા કોઈ બીજી ગમતથી બેઠક થઈ શકેછે. દેશીઓમાં પોતાની સ્ત્રીઓને ગાયન શીખવવાનો રવૈયો ચાલુ થાય તો તેઓમાં વેશ્યાનો નાચ જોવાની તથા ગાયન સાંભળવાની જે હોંસ છે અને તેથી જે માઠાં પરિણામો નીપજેછે તેનો જલદીથી અટકાવ થાય. ગાયનનો શોખ સર્વ મનુષ્યને છે. સ્ત્રીઓના મધુર સ્વરથી ગાયન વધારે મીઠું લાગેછે તો દેશીઓ પોતાની સ્ત્રીઓને ગાયન કળાથી શા વાસ્તે બેનસીબ રાખેછે, અને અવકાશની વેળાએ તેનો લાભ કુટુંબકબીલાને આપવાને પાછળ રહી તેનું ફળ ભોગવવાથી પોતે શામાટે બેનસીબ રહેછે?

પાઠ ૧૮. ખરી મોટાઈ.

માનવી! તારી ખરી મોટાઈ શામાં છે તે તારે જાણવું જોઈએ. તું ઘણી વેળા ભૂલાવો ખાઈને નજીવી વસ્તુમાં મોટાઈ સમજેછે, ને તે મોટાઈ દુનિયાના લોકોને કેટલીએક વેળા ખરી માલૂમ પડેછે, પણ ઈશ્વરની નજરમાં તે બદામ બરાબર હોયછે. જે પુરૂષ લાખો રૂપિઆનો ધણી હોય તેને તું મોટો ગણેછે; જે પુરૂષ ગાડીઘોડે ફરતો હોય અને બાગબગીચામાં મોજ મારતો હોય તેને તું મોટો લેખેછે; જે પુરૂષ લડાઈમાં સેંકડો માણસને કાપીને ફતેહ મેળવતો હોય તેને તું મોટો સમજેછે; જે પુરૂષ ઊંચો પોશાક પહેરતો હોય તેને તું મોટો માનેછે.

પણ રે માનવી! એમાં તું ભૂલેછે; તું જે માણસને મોટો કહેછે, તેનામાં ખરી મોટાઈ નથી. મોટાઈ મેળવવાને વાસ્તે મનુષ્યમાં જે અગત્યના ગુણ જોઈએ તે ગુણ તેની પાસે નથી. માટે ઈશ્વર તેવી મોટાઈને એક બદામ જેવી લેખેછે. ખરી મોટાઈ પૈસામાં, બહાદુરીમાં, પોશાકમાં, અને દમામમાં નથી. ખરી મોટાઈ ઈશ્વરની પ્યારી અને વહાલી વસ્તુમાં છે. ઈશ્વરની પ્યારી ચીજ "પૈસો" નથી. ઈશ્વરને પૈસો વહાલો હોત તો તેણે તે આડો અવળો ફેંકી દીધો હોત નહિ. ઈશ્વરે પૈસાને નજીવી વસ્તુ

ગણી આડા અવળો વેરી નાંખ્યોછે કે જેને જોઇએ તે લુંટી લે. પૈસો ઈશ્વરને વહાલો હોત તો તે પોતાના સદ્દગુણી સેવકોનેજ આપત. પણ ઈશ્વરે આડા અવળો પૈસાને ફેંકી દીધોછે. અને તેનો વૈભવ દુરાચરણી અને નઠારા લોકો પણ કરેછે.

ઈશ્વર સદ્દગુણી મનુષ્યને કહેછે કે "મનુષ્ય! તું પૈસા મેળવવામાં મોટાઈ સમજતો ના. તું સદ્દગુણી હઈશ તો મારો વહાલો અને માનીતો છે; વાસ્તે પૈસામાં જો ખરી મોટાઈ હોત તો હું તે લુંટાવી મૂકત નહિ, પણ તારા જેવા સદ્દગુણી અને લાયકીવાળા પુરૂષનેજ માત્ર બક્ષિશ કરત. હું પૈસાને તુચ્છ અને નજીવી વસ્તુ ગણુંછું. તે મેળવવામાં તું મોટાઇ માનીશ ના."

આ ઉપરથી માલૂમ પડેછે કે પૈસામાં ખરી મોટાઈ નથી. તવંગર ગૃહસ્થને લોકો બન્ને હાથે સલામ કરતા હોય, તો તે તવંગર ખરી મોટાઇ પામેછે એવું નક્કી કહેવાય નહિ, કારણ દુનિયાના લોકો તેને માન અને આબરૂ આપેછે, તે સભ્યતા લેખે આપેછે, પણ તેથી તે મોટો છે એમ નક્કી ઠરતુ નથી.

માણસની ખરી મોટાઈ નીતિ અને સદ્દગુણમાં છે. ખરી મોટાઈ મેળવવાને માણસે પોતાની દાનત પવિત્ર અને સાફ રાખવી જોઈએ. ખરી મોટાઈ મેળવવાને માણસે પોતાના ભાઇબંધો ઉપર હેત અને પ્યાર રાખવો ઘટેછે અને પોતાથી બને તેટલી પૈસાની તથા ઉદ્યોગની મદદ કરવી જોઈએછે. ખરી મોટાઈ મેળવવાને વાસ્તે સદ્દગુણ આચરીને દુરાચરણનો ત્યાગ કરવો ઘટેછે. ટૂંકામાં ખરી મોટાઇ મેળવવાને ઈશ્વરની બીક રાખવી જોઈએ, અને તેની આજ્ઞા પ્રમાણે ચાલવું જરૂર છે. વાસ્તે હે માનવી! તું જાણજે કે તારી ખરી મોટાઈ ઈશ્વર ઉપર પ્રીતિ રાખવામાં, તેનો ડર રાખવામાં, તથા તેની આજ્ઞાપ્રમાણે ચાલવામાં છે, અને બીજા કશામાં નથી.

પાઠ ૧૯. ભૂત, મંત્ર વગેરે વહેમ.

જ્યારે આપણે નવાઈ જેવી કસરત જોઇએ છઇએ ત્યારે વહેમી લોકો કહેછે કે "એ તો નજરબંધી છે, ભાઈ હો, નજરબંધી સિવાય આવું કોઈ દિવસ થઇ શકે?" જ્યારે કાંઈ બારીક હાથચાલાકીના ખેલ જોવામાં આવેછે ત્યારે પણ એવા વહેમીઓ કહેછે કે "એ નજરબંધી; નજરબંધી સિવાય એવું થાયજ નહિ." જ્યારે કુવા અથવા ગુફાની અંદર દાખલ થએલા માણસો તેની અંદર ઝેરી હવા એકઠી થયાના સબબથી અચેત થઈ જાયછે અથવા મરણ પામેછે ત્યારે વહેમી લોકો કહેછે કે "એ તો ભૂતને છંછેડવાથી

તો એવાંજ ફળ થાય." જ્યારે અંધારામાં ગયાથી એકાએક કાંઈ અટકાવ થાયછે, અથવા શંકા ઉત્પન્ન કરવા કોઈ પત્થર ફેંકેછે ત્યારે પણ વહેમી લોકો તેના કારણમાં ભૂતની વાત સમજાવેછે. જ્યારે કોઇ શખ્સ કાંઈ કઠણ કામ કરેછે, ત્યારે વહેમી લોકો કહેછે કે "એની પાસે તો જાદુ છે." જ્યારે કોઈ શખ્સને એકાએક પૈસાની મોટી રકમ મળી આવેછે ત્યારે વહેમી લોકો કહેછે કે એ તો "વીર" સાધેછે. કેટલાએક ગોરજીઓ તથા હકીમો જેઓ પોતાના અનુભવથી જરાતરા આજારી થએલાં નાનાં બાળકોને કાંઇ એક ઓસડ આપીને અથવા બીજી રીતે જલદીથી સારાં કરેછે તેના વિષે વહેમી લોકો એમ ધારેછે કે તે "ચીઠી દોરા" કરી જાણેછે.

આવી વાતો આપણા ઘણાખરા લોક ખરી માનેછે એટલુંજ નહિ, પણ એ વાતો સંસારી ઉપયોગમાં પણ લેછે. તેથી કરીને ઘણી વખત નુકસાન તથા કોઈ કોઇવાર જીવની હાનિ પણ થાયછે. જ્યારે કોઇ વહેમી પુરૂષના ઘણા શત્રુ હોય અને એટલામાં તે અથવા તેનું કોઇ વહાલું સગું આજારી પડે તો પેલો વહેમી એમજ ધારશે કે મારા શત્રુએ જાદુ કર્યું. આવી રીતની તેના મન ઉપર અસર થયાથી તે પોતાનું દરદ મટાડવા સારા વૈદ અથવા દાકતર પાસે નહિ જતાં કોઇ પ્રખ્યાત જાદુગર શોધવા જશે. તે જાદુગર પોતાની મતલબ સારૂ તે વાતને ટેકો આપશે અને પેલા વહેમીને ભમાવશે. પેલો વહેમી ઘણા દહાડા આવી રીતે ભમ્યાથી પોતાના અથવા પોતાના વહાલા સગાના દરદમાં વધારો કરશે, અને જો કઠણ દરદ હશે તો મોત પણ નીપજશે. બચ્ચાંને વાસ્તે પણ એવીજ રીતે કરવામાં આવેછે. જ્યારે બચ્ચું આજારી પડેછે ત્યારે સારા દાકતર અથવા વૈદની મારફતે તેનો ઘટતો ઉપાય કરવાને બદલે તેને "ચીઠી દોરા" કરી જાણે અને જાદુના કામમાં હુશિયાર એવા ડોળ રાખનાર શખ્સો પાસે લઈ જવામાં આવેછે. માટે જેમ જેમ વખત જાયછે તેમ તેમ એવા ઉપાયથી નાની અને નાજુક ઉમરનાં બચ્ચાંનાં દરદમાં ઘટાડો થવાને બદલે ઊલટો વધારો થાયછે અને કઠણ દરદમાં ઘણીવાર તેમનું મોત પણ નીપજેછે.

આ બાબત બંધ કરતી વખતે જે લોકો જાદુ વગેરે વહેમમાં ગરક થઈ ગયાછે તેઓને ભલામણ કરવામાં આવેછે કે હરેક વખત જ્યારે તમે જાદુના નામનો બનાવ જુઓ અથવા સાંભળો ત્યારે તમારે ઊંડો વિચાર અને ઘટતો શોધ કરવો એટલે તેનું ખરેખરૂં કારણ તમને મળી આવશે ને કદાપિ ન મળે તોપણ તમારે ખાતરીથી જાણવું કે એ બધો અજ્ઞાનપણાથી ઊપજતો વહેમ છે.

પાઠ ૨૭. ઇંગ્રેજી અને દેશી ભાષાઓ.

હાલ પારસીઓમાં તેમાં અગત્ય કરીને તવંગર અને મધ્યમ સ્થિતિના ગૃહસ્થોમાં ઇંગ્રેજી કેળવણીનો શોખ એટલો બધો વધી પડ્યોછે કે તેઓનાં બાળકો પાંચ અથવા સાત વરસની ઉમરનાં થાયછે તેવામાં તેઓને ઇંગ્રેજી અભ્યાસ કરવા પાછળ લગાડેછે. ઇંગ્રેજી ભાષાની કેળવણી આપવાની ઊલટ તથા હોંસ દેશીઓમાં વધેલી જોવાથી અમે ઘણાજ ખુશી છીએ, કેમકે પશ્ચિમ દેશોની વિદ્યા મેળવવાનું તે મુખ્ય સાધન છે એટલુંજ નહિ, પણ રાજ્યકર્તાની તે ભાષાછે. એટલા માટે અમે એ વિદ્યાનો પ્રસાર થયેલો જોવા ચાહીએ છીએ. પણ તે ઊલટ જ્યારે હદથી જ્યાદે વધે અને તેથી ઘણીએક રીતે તેઓના હક્કમાં નુકસાની થાય તો તે વિષે ટીકા કરવી જરૂર છે.

જે ભાષા બાળકો પોતાને ઘેર વાપરે, જે ભાષા પોતાનાં માબાપ અને કુટુંબીઓ સાથે વાતચીત કરવામાં વાપરવી પડે, જે ભાષા પોતાની જાતના લોકો સાથે વહેવાર ઉપયોગમાં કામ આવે, અને જે ભાષાથી હજારો સ્વદેશીઓને લાભ થવાની આશા તે ભાષા ઉપર જરા પણ ધ્યાન આપ્યા વગર એકદમ ઇંગ્રેજી અભ્યાસમાં બાળકોને નાંખવાં એમાં ડહાપણ જણાતું નથી.

હાલની હાલત પ્રમાણે ઇંગ્રેજી ભાષા પારસીઓના ઘરની ભાષા થવી મુશ્કેલ છે; પારસીઓ પોતાનાં કુટુંબકબીલા સાથે ઇંગ્લંડ જઈ ત્યાં સો બસો વરસ વસે તો તેઓની ભાષા ઇંગ્રેજી થઈ શકે, પણ અહિં રહી પોતાનાં કુટુંબકબીલામાં ઇંગ્રેજી ભાષા દાખલ કરવા ધારતા હશે તો તેમ કદી થઈ શકવાનું નથી. પારસીઓ આજ બારસેં વર્ષ થયાં ગુજરાતમાં આવીને વસ્યાછે, તોપણ તેઓ પોતાના ઘરની ભાષા શુદ્ધ ગુજરાતી કરી શક્યા નથી. તો ઇંગ્લંડ દેશમાં જઈને ઘણાંક વર્ષ વસ્યા વગર તેઓ ભાગીતૂટી ઇંગ્રેજી ભાષા પણ પોતાનાં ઘરમાં દાખલ કરી શકનાર નથી. કદી કોઈ દ્રવ્યવાન ગૃહસ્થ પોતાનાં સર્વે બાઈડી છોકરાંને ઇંગ્રેજી કેળવણી આપે અને તેઓની સાથે ઇંગ્રેજીમાં વાતચીત કરે, તોપણ તેઓને પોતાનાં સગાંવહાલાં સાથે ગુજરાતીમાં વાત કર્યા સિવાય છૂટકો નથી. વાસ્તે ગુજરાતી ભાષા જાણવાની તેઓને ઘણી અગત્ય છે.

આ દેશમાં જે ઇંગ્રેજોને દેશીઓ સાથે ઘણું કામકાજ પડેછે તેઓ જ્યારે ગુજરાતી, મરાઠી, અને બીજી દેશી ભાષાઓ શીખવાને તજ-

વીજ કરેછે ત્યારે પારસીઓ પોતાની ભાષા ભૂલી જઇને ફકત ઇંગ્રેજી ભાષા પછવાડે ધ્યાન પહોંચાડે એમાં તેઓની મોટી ભૂલ છે. મોટી મોટી ઇંગ્રેજી પેહેડીઓના વેપારીઓને દેશીઓ સાથે એટલું બધું કામકાજ પડેછે અને આ દેશની હરકોઈ ભાષા વગર એટલી બધી અડચણ પડેછે તો અત્રેનો દેશી પોતાની ભાષાથી અજાણ્યો રહે તેને કેટલી અડચણ પડે એનો વિચાર સહેલાઇથી થઈ શકશે. વાસ્તે ગુજરાતી ભાષા કાયમ રાખ્યા વગર પારસીઓનો છૂટકો નથી. હવે જે ભાષા કાયમ રાખવી, જે ભાષા નાનપણથી માની પાસે બોલવા શીખવી તે ભાષા શીખવાની અને સુધારવાની ઘણી જરૂર છે, એ કોઇથી ના કહેવાશે નહિ.

એક માણસ પોતાના ઘરમાંથી કચરો વાળવાને બદલે પડોશીના ઘરમાંથી વાળે તેની અકલ જોઈ જેમ આપણને હસવું આવશે, તેમજ જે માણસ પોતાને જન્મ આપનારની ભાષા શીખવી અને સુધારવી પડતી મૂકીને બીજી ભાષા શીખવા તથા તેમાં તેનું જ્ઞાન સુધારવા પાછળ મહેનત કરે તો તેની અકલ ઉપર હસવું આવ્યા વગર કેમ રહે ? અમે એમ કહેતા નથી કે ગુજરાતી ભાષાની ઘણી લાંબી મુદ્દત સુધી કેળવણી આપ્યા વગર ઇંગ્રેજી ભાષા શીખવી નહિ. કહેવાની મતલબ એટલીજ કે છોકરાં ઇંગ્રેજી ભાષા શીખે તેની અગાઉ દેશી ભાષા ઘણું કરીને શુદ્ધ લખતાં અને બોલતાં શીખવી જોઈએ.

પાઠ ૨૧. એક કીમીયાગરની ઠગાઈ.

મુંબાઈ જેવા સુધરેલા શહેરમાં પણ કીમીયાની કરામતથી સોનું બનાવનારા ઠગ લોક મળી આવેછે. કીમીયાની વાતો માની એવા ઠગારા ઉપર ભરોંસો રાખનારા પણ જોવામાં આવેછે. પોલીસમાં કીમીયાની ઠગાઈ બાબત ચાલેલી તપાસ ઉપરથી માલૂમ પડેછે કે બે બ્રાહ્મણોને મુંબઇથી કેટલેક અંતરે ઓળખાણ થઈ. તેમાં એક કીમીયાગર ઠગ હતો અને બીજો પૈસાનો લોભી હતો. મુંબાઇ આવ્યા પછી કીમીયાગર બ્રાહ્મણે જોયું કે જેમ બીજા પાસે પૈસા છે તેમ તે મૂર્ખ પણ છે, તેથી જલદીથી મારા પંજામાં ફસી પડશે. એ કલ્પના તેની ખરી ઠરી. કીમીયાની વાત નીકળ્યાથી બીજો બ્રાહ્મણ લલચાઈ ગયો અને પેલા ઠગારા બ્રાહ્મણના કાલાવાલા કરવા લાગ્યો. કીમીયાગર બ્રાહ્મણે કાંઈ પીળો ભૂકો બતાવી કહ્યું કે હલકી ધાતુમાંથી સોનું બનેછે. એ વાતની સાબિતી દેખાડવા

તેણે સોનું ગાળવાની કુલ્લીમાં બે પૈસા નાંખ્યા અને તેમાં ઓલ્યા ભૂકામાંથી થોડો ભૂકો ભભરાવ્યો. પછી થોડી વારે તેમાંથી સોનું કાઢી કીમીયાગરે પેલા ભોળા બ્રાહ્મણને દેખાડયું, અને તેમાંથી અર્ધું પોતાની મહેનતના બદલામાં રાખી બાકીનું અર્ધું તેને આપ્યું તે તેણે સાડા સાત રૂપિયે વેચ્યું.

આ બનાવથી લલચાઈ જઇને તે ભોળા માણસે ત્રણસો રૂપિઆ આપી પેલા ભૂકામાંથી બે ત્રણ તોલા ખરીદ કર્યો. પાછળથી તેને એવું ભાસ્યું કે એટલો થોડો ભૂકો ઘણા દહાડા સોનું બનાવવામાં પૂરો પડશે નહિ, તેથી વળી પાંચસો રૂપિઆ આપી બીજો કેટલોએક ભૂકો લીધો, તે એવી શરતથી કે પેલો ભૂકો બનાવવાની છાની રીત પેલા કીમીયાગરે તેને શીખવવી. એ વાત પેલા કીમીયાગર ધૂતારા બ્રાહ્મણે કબૂલ કરી અને તેને સારૂ વળતો દિવસ ઠરાવ્યો. પણ વાયદા કરતાં ઘણા દહાડા નીકળી ગયા. પછી પેલા ભોળાને જણાયું કે હું તો ઠગાયો.

એ કામીયાગર બ્રાહ્મણ વિષે હાલ એમ સંભળાયછે કે તેણે માત્ર આ ભોળા બ્રાહ્મણનેજ ઠગ્યોછે એટલુંજ નહિ, પણ બીજા ઘણાએક ભોળાઓને ઠગી પૈસા ખાઈ ગયોછે. આ તેની ઠગાઈ જાહેર થયાની અગાઉ તે વાલકેશ્વરમાં એક લક્ષ્મી અને ધર્માત્મા પુરૂષની પેઠે રહેતો હતો. વીસ વીસ, પચીસ પચીસ રૂપિઆની કીમતનાં ઊંચાં ધોતીઆં પહેરતો હતો, પોતાની સાથે ઘણાક ચાકર નોકર રાખતો હતો, તળાવમાં નહાતી વખત ગરીબ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપતો હતો, ગામમાં બે ઘોડાની ગાડીમાં બેશી આવતો હતો, અને જે કોઈ તેને મળવા જતા તેની સાથે પોતાના પરાક્રમની વાતો કરતો.

હાલ આ ધુતારા કીમીયાગરને પેલો ઠગાએલો બ્રાહ્મણ પોલીસમાં લઈ ગયોછે, અને એ ધૂતારો હાલ બંદીખાનામાં કેદી થઈ પડેલોછે. જેટલા શખ્સોને એ ધુતારાએ ઠગ્યા હોય તેમણે તેને ઘટતી સજાએ પહોંચાડવાની તજવીજ કરવી જોઇએ અને તેને બ્રાહ્મણ જાણી તેના ઉપર દયા લાવવી જોઇએ નહિ. અપરાધી બ્રાહ્મણો ઉપર દયા કર્યાથી તેઓ ફાવી જાયછે, અને વધારે ઠગાઈ અને લુચ્ચાઈ કરવાની તેમને ટેવ પડેછે, અને ઘણાક ગરીબ લોકો તેઓના પંજામાં નાહક ફસી પડેછે.

પાઠ ૨૨. કીમીયાની ઉત્પત્તિ.

મજકુર બ્રાહ્મણ ઉપર પોલીસમાં ઠગાઇનો અન્યાય સાબિત થયાથી

તેનો મુકદ્દમો સેશનમાં કમિટ થયોછે. આવા ઠગારાઓ ઘટતી સજાએ પહોંચવા જોઈએ. કીમીયાની લાલચથી માણસો કેવી રીતે લલચાયછે તથા એ કીમીયો કેવી રીતે ઉત્પન્ન થયો તે વિષે થોડુંક લખવાની અમે રજા લઈએ છીએ.

કાંઈ અણચિંત્યા કારણોથી જ્યારે હરકોઈ શખ્સને પૈસા મળેછે તથા મળતા જાયછે ત્યારે આપણા મોંમાંથી પોતાની મેળે નીકળી આવેછે કે એ તો જેમાં હાથ નાંખેછે તેમાં ફાવેછે, અને જે ચીજને હાથ અડકાડેછે તે સોનું થઈ જાયછે. અસલના અજ્ઞાન લોકોમાં પારસમણીનો વિચાર આ રીતે દાખલ થયો હશે. પારસમણીએ સેંકડો વરસો સુધી લોકોનાં મન હરણ કરી લીધાં હતાં. એ પારસમણી વિષે લોકો એવું ધારતા હતા કે એમાં એવો ગુણ છે કે તે જે ધાતુને અડકે તે સોનું થઈ જાય.

લોકોમાં અજ્ઞાનને લીધે આવી રીતનો વહેમ ઘણાં વરસ સુધી જારી રહ્યો. અજ્ઞાની લોકો એ વાત માનતા હતા એટલુંજ નહિ, પણ જેઓ બુદ્ધિ અને જ્ઞાનવડે પ્રસિદ્ધ હતા તેઓ પણ એથી ઠગાતા હતા. જેમ રાજા અને રૈયત તેમ વિદ્વાન અને મૂર્ખો પણ પારસમણીની શોધમાં ફરી પડ્યા હતા. પારસમણી શોધવાની અને તેને સારૂ લલચાઈ મોટો ખર્ચ કરવાની મતલબ એજ કે થોડી મહેનતે મોટો ખજાનો એકદમ હાથ આવે. કેટલાક શખ્સો તો પારસમણીની ખોટી શોધમાં પોતાનો સઘળો જન્મારો ગુજારતા હતા, ને પોતાની દોલતનો નાશ કરતા હતા. જે શખ્સો એ શોધ પછવાડે લાગેલા હતા તેમાંના કેટલાએક લોકોએ પોતાની પાછળ જે પુસ્તકો મૂકયાંછે તે ઉપરથી માલૂમ પડેછે કે તેઓ બીજી બાબતોમાં ઘણા હુશિયાર અને વિચારવંત હતા. અને આપણને અચરતી ઉપજેછે કે એવા માણસો ખોટી કલ્પનામાં કેમ ફસ્યા હશે.

કીમીયો એ અરબી શબ્દ છે, અને તેનો અર્થ ભેદ (ગુપ્ત વાત) થાયછે. હવે લોકોમાં એવો વહેમ ફેલાયો કે સોનું રૂપું સહેલથી બનાવવાનો કાંઈ ગુપ્ત ભેદ છે. તે ભેદ શોધી કાઢવાની વાતને તેમણે કીમીયો એ નામ આપ્યું. એ ભેદ શોધી કાઢવામાં અજ્ઞાન લોકની જોડે વિદ્વાનો સામિલ થયાથી દુનિયાને ઘણો ફાયદો થયોછે, કારણ કે એ ભેદની શોધમાંથી એક નવી વિદ્યા જન્મીછે; પારસમણી તો જડ્યો નથી, તોપણ એ નવી વિદ્યાથી જે જે જાણવામાં આવ્યુંછે તેણે કરીને દુનિયાની દોલતમાં વધારો થયોછે, અને દરદીઓનાં દુઃખમાં ઘટાડો થયોછે. કીમીયાની

શોધમાં જે નવી વિદ્યાએ જન્મ લીધોછે તેનું નામ રસાયનશાસ્ત્ર. એને ઇંગ્રેજીમાં "કેમિસ્ટ્રી" કહેછે. એ રસાયનશાસ્ત્રથી લોઢું ગાળવામાં અને જુદી જુદી જાતનું લોઢું બનાવવામાં, વસ્ત્ર ઉપર રંગ લગાડવામાં તથા જુદી જુદી જાતનો રંગ બનાવવામાં, તથા કેટલીક જાતના સાંચા બનાવવામાં સુધારો થયોછે. કીમીયો ખોળતાં ધારેલો પારસમણી હાથ લાગ્યો નહિ, તોપણ આ રીતિ હુનરમાં સુધારો અને વધારો થવાથી લોકોને એક બીજી જાતનો પારસમણી હાથમાં આવ્યોછે. રસાયનશાસ્ત્રથી કેટલીએક એવી ચીજોનો શોધ થયોછે કે જે માણસને, ઔષધ તરીકે કામ લાગેછે અને તેથી તેઓ જો કે હમેશા જુવાન રહેતા નથી તોપણ કેટલેક દરજે પોતાની જીંદગીનો બચાવ કરી શકેછે.

પાઠ ૨૩મો. હું ઈશ્વરનો કેટલો આભારી છું!

વિચાર વગરના મૂર્ખ અને અજ્ઞાન લોક અન્ન પાણી અને વાયુને મૂલ્ય વગરની વસ્તુ ગણેછે, કારણ તેઓને થોડી મહેનતે અને થોડે ખર્ચે સહેલથી મળી શકેછે. તેવા પુરૂષોને દોલત મળેછે તોજ તેઓ ઇશ્વરની કૃપા સમજેછે. દોલત નથી મળતી તો ઇશ્વર વિષે માઠું બોલેછે, પણ એ મૂર્ખ લોક વિચાર કરતા નથી કે લાખો રૂપિઆનો ખજાનો, અન્ન પાણી નહિ મળ્યું તો કંઇજ કામનો નથી. જેવખત તરસ અને ભૂખ લાગેછે તે વખત લાખો રૂપિઆનો ખજાનો ખાવા પીવાને કામ આવતો નથી.

આફ્રિકા કે અરબસ્તાનના રેતીના રણમધ્યેના મુસાફરને હું જોઉંછું. તે પોતાના ઊંટની ઉપર સોનાનાં પુતળીઆં અને રૂપાનાં ચાકળીઆં ભરીને મુસાફરી કરવા જાયછે. પણ તેની પાસે પાણીની સિરોઇ ખાલી થઇછે. તે પોતાની આસપાસ નજર કરેછે અને રેતી સિવાય કાંઇપણ તેના જોવામાં આવતું નથી. તે '**પાણી પાણી**' કરીને બૂમ પાડેછે અને આંખમાં આંસુ લાવી ઈશ્વર સામું જોયછે. એટલામાં સામેથી કોઈ મુસાફર આવતો નજરે પડેછે. એક ઘૂંટડો પાણીને વાસ્તે તે પોતાનો સઘળો ખજાનો તેને આપવાને તૈયાર થાયછે. તેજ વખત તે પાણીની કીમત પૂરી રીતિ સમજેછે. તેજ વખતે તે લાખો રૂપિઆનો ખજાનો ધૂળ અને રાખ બરાબર ગણેછે.

વાસ્તે ઇશ્વર મને ખજાનો આપે તોજ હું તેનો આભાર માનું એવો

હું મૂર્ખ થતો નથી. ખજાનો આપે કે નહિ તોપણ જે વસ્તુ વગર મને ઘડીભર ચાલે નહિ તે વસ્તુ આપેછે, તેજ બસ છે. એ આભાર ઈશ્વરનો કાંઇ 'જેવો તેવો નથી. આ અમૂલ્ય વસ્તુને માટે જે લોકો તેનો આભાર નથી માનતા તેઓને જોઇને હું અત્યંત દિલગીર છું, કેમકે તેઓ પોતાના ઉત્પન્ન કરનારને માઠું લગાડેછે.

મને ખાવાને બિછાનું મળેછે, પણ કેટલાએકને તે પણ મળતું નથી. હું ઘણાક આંધળા ને ઘણાક પાંગળાને રસ્તામાં એક પૈસાને વાસ્તે બૂમ બરાડા પાડતા જોઉંછું; પણ સારા ભાગ્યે ઈશ્વરે મને તેવી હાલતમાં મેલ્યો નથી. હું હજારો દરદીઓને જોઉંછું; કોઇને કોઢ નીકળેલો, કોઇનો પગ સૂજેલો, કોઈનું માથું ગુમડાંથી ભરાયલું, કોઈનું મોઢું ફોલ્લાથી સડેલું, કોઇનું આખું શરીર લોહી પરૂથી વહેતું, કોઇને જલંદર, કોઇને સંધિવા થયેલો, એવા તરેહ તરેહના સેંકડો દરદીઓને હું જોઉંછું, પણ ઈશ્વરે મને તેવાં દરદોથી વેગળો કીધોછે. વાસ્તે એ તે કૃપાળુ ઈશ્વરનો મારી ઉપર કેટલો ઉપકાર !!

પાઠ ૨૪. ભાણો પટેલ અને જેઠાશા સાહુકાર.

જે ઠેકાણે ગામોના પટેલ બેઠા હતા ત્યાં સૌથી બકદાવર તથા દેખીતો હોશિયાર ભાણો પટેલ હતો. તે જાતનો કણબી હતો, અને તેને પટેલાઇમાં રાજાની તરફથી ઘણાએક વીઘાં જમીન મળેલી હતી; તેસિવાય તે ઘણાંએક પરગણાં ઈજારે રાખી તેઓની આમદાની વસૂલ કરી રાજાને ત્યાં ભરતો. તેની ઉમર આશરે ત્રણ કુંડી વરસની હતી; અને કહેવતમાં ચાલેછે, કે તેટલી ઉમરે માણસની અકલ નાસવા માંડેછે, તે કહેવત તેણે જૂઠી પાડી હતી. તેનું શરીર ખાધેલ પીધેલ હતું; અને તેનું મન તેની જુવાનીના વખત જેવું તીવ્ર હતું એટલુંજ નહિ, પણ પ્રત્યેક વર્ષના અનુભવથી તેની અકલમાં વધારો થયાં કરતો હતો. તે સિવાય પાછલા વખતના રાજાઓ ખેડુતની સાથે કેવી રીતે ચાલતા હતા, તેઓના વખતમાં જમીનનો દર કેટલો હતો, તથા તે કેવી રીતે વસૂલ કરવામાં આવતો હતો, એ વગેરે જમીન સંબંધી તમામ હકીકત તેની યાદદાસ્તના ખજાનામાં ભરેલી હતી. તેની સામેની બેઠકમાં જેઠાશા નામે શ્રાવક વ્યાપારી ઊંચી તથા માનવાળી જગાએ બેઠો હતો. એ શખ્સ લાખો રૂપિઆનો વ્યાપાર જમીન ઉપર તથા દરિયા ઉપર ચલાવતો. તેની

પહેડીઓ ગામેગામ હતી. તેની સાખ એટલી તો હતી કે તેને નામે જંગલમાં પણ રૂપિઆ મળી શકે. તેનાં વહાણો દેશાવર અને ઘણાંએક ફરતાં, અને તેની દોલત લાખો તથા કરોડોથી ગણાતી. મોં જોવાથી જેઓ માણસના ગુણ, બુદ્ધિ, તથા સ્વભાવની પરીક્ષા કરેછે તેઓ જેહાશાનું મોં જોઇને ઘણું ગુંચવાયાવિના રહે નહિ. પૈસા મેળવવાને તથા તેને સાચવી રાખવાને અને વ્યાપાર બરોબર ચલાવવાને કેટલીએક અકલ જોઇએછે તે તેની શિકલ જોતાં તેનામાં છે એમ શોધી કાઢવું મુશ્કેલ હતું. તેનું શરીર એટલું તો જાડું હતું કે જો તે એકાએક મરી જશે તો તેને ઊંચકી શી રીતે લઇ જવાશે એ વિષે તેની નાતના લોકોને ભારે ફીકર હતી. તેમાં ચરબી એટલી તો હતી કે તેનું પેટ ઝુલી ગયું હતું. અને તેના વાટા એવા મોટા અને જાડા હતા કે જો કોઇ નાની વસ્તુ તેમાં ભરાઇ જાય તો વર્ષનાં વર્ષ સુધી તેમાં રહે, અને તેના જાણવામાં પણ ન આવે. તેની બોચી આગળ એક એવો જાડો વાટો વળ્યો હતો કે હજામત કરાવતી વખતે હજામને તેને ઊંચકી ઓડતાં ઘણી મુશ્કેલી પડતી હશે. તેનું મોં પણ તેવુંજ મોટું હતું. તેની આંખ પેશી ગએલી તથા ઝીણી હતી અને વારેવારે પલકારા માર્યાં કરતી તે ઉપરથી જણાતું કે તેને સોનું રૂપું જોવા ઉપર ઘણી પ્રીતિ હતી. એવો જેહાશા તે વખતે હીરા મોતીનાં ઘરેણાં પહેરીને બેઠો હતો. તે આદિનામનો ભક્ત હતો, તેથી માતાના હવન ઉપર તેને કાંઇ આસ્થા નહતી; તથા તે જોવાથી અને બ્રહ્મવચન સાંભળવાથી પરલોકમાં સુખની પ્રાપ્તિ થશે એવા વિચારથી તે ત્યાં આવ્યો નહતો. તેની મતલબ માત્ર ઘરધણીને ખુશ કરવાની હતી.

પાઠ ૨૫. માધવ પ્રધાન.

માધવનું પ્રધાનપણું કાંઇ તેના બાપદાદાથી ઊતરેલું નહતું. તે કોઇ ગરીબ માણસનો દીકરો વડનગરમાં જન્મ્યો હતો, અને તેની ઉમર સોળ વરસની થઇ ત્યારે તે ધંધો શોધવાને પાટણમાં આવ્યો હતો. પહેલાં તો લશ્કરના સિપાઇઓના પગાર વહેંચવા ઉપર કારકુન રહ્યો. તે જગામાં ચાલાકી, હોશિયારી તથા ઇમાનદારી બતાવી તે ઉપરથી તેને કોઠારીની જગા મળી, અને ધીમે ધીમે સારંગદેવ મહારાજાનો માનીતો થઇ પડ્યો. સારંગદેવનું મરણ થયું ત્યારે તેના કુંવરો વચ્ચે ગાદીને માટે તકરાર પડી તેમાં માધવનીહોશિયારી તથા કાવત્રાંથી કરણનો રાજ્યાભિષેક થયો, તે દિવસથી માધવના ભાગ્યનો ઉદય થયો, અને કરણ રાજાએ

ગાદી ઉપર નિર્ભય થતાંજ માધવને મુખ્ય પ્રધાનની જગા આપી. એ જગા ઘણી ભારે તથા જોખમ ભરેલી હતી. રાજા તથા રૈયત બંનેને એકી વખતે ખુશ કરવાનું હમેશા મુશ્કેલ કામ છે; અને અગર જો લોકોમાં વહાલાં થવાની તથા પોતાનું નામ લોકોને વાસ્તે સારાં તથા ઉપયોગી કામો કરી અમર કરી લેવાની તેને ઘણી હોંશ હતી, તોપણ તેની જગાનો પાયો રાજાની મરજી તેથી ગમે તેમ થાઓ તોપણ રાજાને રાજી રાખવો એવો તેનો દૃઢ નિશ્ચય હતો. આગલા રાજાઓમાંના કેટલાએકના પ્રધાન વાણિયા હતા તેથી તે લોકો પણ ધારતા હતા કે માધવને જગા મળ્યાથી અમારો હક્ક ઓછો થયોછે; માટે હરેક પ્રસંગે રાજાની આગળ માધવની તેઓ ચાડી કરતા હતા. તેની સામે માધવને ઘણી યુક્તિઓ કરવી પડતી હતી. એ બધું કરવાની સાથે પોતાને વાસ્તે દ્રવ્ય એકઠું કરવા તરફ પણ તેની ઘણી નજર હતી; કેમકે તેનું પ્રધાનપણું કાયમ રહેશે એવો એક ક્ષણભર પણ તેને પક્કો ભરોંસો નહતો. હવે પૈસા તો મેળવવા અને સાધન તો થોડાં તેથી તે ઘણીવાર મોટા વિચારમાં પડતો હતો. રાજ્યની મર્યાદા ઉત્તર તરફ અચળગઢ તથા ચંદ્રાવતી, પશ્ચિમ તરફ મોઢેરા તથા જીંજુવાડા, પૂર્વ તરફ ચાંપાનેર તથા ડભોઈ; અને દક્ષિણ તરફ ઠેઠ દખ્ખણ સુધી હતી, પણ ભોળા ભીમદેવના મરણ પછી રાજ્યમાં અવ્યવસ્થા થઈ ગઈ હતી. અચળગઢના પરમાર રાજાઓ ખંડણી બરાબર આપતા નહતા. બીજા ખંડિયા રાજાઓ પણ નામની તાબેદારીમાં હતા. તેથી જો કરણરાજા શૂરો નીકળે, અને રાજધાનીનું સુખ મૂકી તલવાર બાંધી આગળ પડે, તોજ રાજ્યની આગલી કીર્ત્તિ પાછી આવે, પણ તેમ થવાનો ઘણો સંભવ નહતો. જો કરણરાજા જય કરી આવે, જો કેટલાએક નાના રાજાઓ પોતાની ખંડણી આપવી જારી કરે, અને તેથી રાજ્યની આમદાનીમાં વધારો થાય, તોજ બ્રાહ્મણોને રાજી કરાય, તોજ બાણા પટેલના કહેવા પ્રમાણે ખેડુતોને છૂટ આપવામાં આવે, તથા જેઠાશાનો માગેલો દાણનો ઘટારો થઈ શકે. જો એ પ્રમાણે ન થાય, અને નહિ થશે એવી તેની ખાતરી હતી, તો રૈયતને ખુશ કરવી તો અશક્ય; માટે રાજાને રીઝવી જેમ બને તેમ પૈસા પોતાના ખજાનામાં ભરવા એજ રસ્તો ખુલ્લો રહ્યો. પણ તેમ કરવામાં જોખમ ઘણું હતું. પ્રધાનપણું કરવું અને ગોખરૂની શય્યા ઉપર સુવું એ બે બરોબર હતું. જ્યારે સઘળાં નાખુશ રહે, અને રાજા કાનનો કાચો, ત્યારે ગમે તેટલી ઊંચી પદવીનો શો ભરોસો ? વળી એવી રીતે

વર્તી પોતે એકલાનું પેટ ભરી મોતે કે કમોતે મરવું એ વાત તેને જરાપણ ગમતી નહતી. તેને કાંઈ છોકરાં નહતાં અને હવે પછી થશે એવો સંભવ પણ નહતો. એ વાતથી તેના મનમાં નિરંતર શોક ઉત્પન્ન થતો હતો. કાળું ધોળું કરી પૈસા મેળવવા તે કોને વાસ્તે? પાછળ કોઈ ભોગવનાર ન મળે. પિત્રાઇઓ તેની દોલતને માટે લડી મરે અને તેનો જરાપણ ઉપકાર માને નહિ: ઊલટું તેની નિંદા કરવામાં સામિલ થાય. એવા વિચારથી તેના હૈયામાં જાણે જખ્મ વાગતા હોય તેવું દુઃખ થતું. વળી હિંદુશાસ્ત્ર પ્રમાણે જેને પુત્ર, પરિવાર નહિ તેના જીવતરને ધિક્કાર. તેની પાછળ પોક મુકનાર, આગ મુકનાર તથા મૃત્યુસંસ્કાર કરનાર કોઈ નહિ તેથી તેની મુઆ પછી શી ગતિ થશે એવિષે તેને ઘણો ભય રહેતો હતો. પોતાનું નામ અમર રાખવાને માણસોને સ્વાભાવિક વૃત્તિ હોયછે, અને એ નામ પોતાના વંશથી અથવા લોકોપયોગી કામથી કાયમ રહેછે. માધવને પોતાના વંશ તરફથી કાંઇ આશા નહતી, અને લોકોપયોગી કામો કરવાને કાંઇ સાધન નહતાં, તેથી અગર જો તે રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ હતો, અગર જો રાજા તેને પૂછ્યા સિવાય પાણી પણ પીતો નહતો, અગર જો તેની ડોકી ધુણવાથી હજારોનાં નસીબ ખુલતાં, અને હજારો પાયમાલ થઇ જતાં, અને અગર જો તેનીપાસે લક્ષ્મી તથા બીજી રિદ્ધિ-સિદ્ધિની કાંઈ ખોટ નહતી, તોપણ તે જ્યારે ભવિષ્ય ઉપર વિચાર કરતો ત્યારે તેની અવસ્થા કોઇ ગામડિયો પણ અદેખાઇ ન કરે એવી હતી.

પાઠ ૨૬. પાટણ શહેરમાં પ્રભાતનું વર્ણન.

આકાશ કેવળ સ્વચ્છ હતું. અરૂણે સોનાની કુંચી વડે પૂર્વ દિશાનો મોટો દરવાજો ઉઘાડયો, અને સુતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌનો કામે વળગવાનો વખત થયોછે. અરૂણ સારથી આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણ રથમાં બેશીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરા મહેતાજીને આવતા જોઇ નાશી જાયછે તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મોઢું સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પહેલાં અસ્ત થયેલોજ હતો. શુક્રનો તારો જેને વિષે ગામડિયા લોકો કહેછે કે ચંદ્ર મુઆપછી એ તેની જગો સાચવશે, તે થોડી મુદ્દત સુધી હિમ્મત રાખી ઊભો રહ્યો; પછી તે પણ જલદીથી ભરાઈ ગયો. સૂર્યદેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળાંમાં ઇંદ્રરાજાએ

ઘણા ભભકાદાર રંગના સાથિયા પૂર્યા. વાડીઓમાં કમળનાં ફૂલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મોં પૂર્વ તરફ ફેરવ્યાં. કુમુદિનીનાં ફૂલની પાંદડી બીડાઈ જઇ નીચે નમી ગઈ. પોતાની પ્રિયાને ખીલેલી જોઈ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા. ચંપા, ચંપેલી, સેવતી, માલતી, વગેરે ફૂલોમાંથી મંદ મંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઇ આવીને નાસિકા ઇંદ્રિને મગ્ન કીધી. ઠેકાણે ઠેકાણેથી દિવાકરના ચોપદાર કૂકડાઓએ નેકી પોકારી. ચકલીઓ માળામાંથી નીકળી ચીંચીં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરામાંના પોપટ,મેના, ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડયા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળાં પક્ષીઓના શબ્દથી આનંદકારક થઇ રહી. દેવસ્થાનોમાં દેવને જગાડવાને નોબત તથા શંખ વાગ્યા. શાહેરમાં ગરીબ લોકોનાં ઘરમાં ઘંટીનો ઘોર તથા તેની સાથે દળનાર બાઇડીઓનો શોર થઇ રહ્યો, કેટલાએક સવારે સૂતા સૂતા પ્રભાતિયાં તથા બીજાં ભજન ગાતા હતા. છીપા, સોની, લુહાર, કંસારા, વગેરે ઉદ્યમી લોકોએ તે વખતે હથોડા ઠોકી શાહેરના તે ભાગને ગજાવી મૂક્યો. કોઈ કોઈ ઘરમાં એક અથવા વધારે બાયડીઓ બેશીને કોઈ ઘરમાંના લાંબી મુદ્દત ઉપર મુએલા માણસને વાસ્તે જાણી જોઇને રડતી હતી, અથવા અમથો રાગડો કાઢતી હતી; કેમકે તેઓની આંખ તેઓનાં મોંને જવાબ દેતી નહતી. કોઇ કોઈ ઘરમાં દહીં વલોવવાનો શબ્દ સંભળાતો હતો. રાજાના મહેલમાં ચોઘડિયાં વગેરે બીજાં વાજિત્રો વાગી રહ્યાં હતાં. બ્રાહ્મણો ઓટલે બેશી પાનાં હાથમાં રાખી ધુણતાં ધુણતાં આગલા દહાડાનું શીખેલું ફરીથી વાંચી જતા હતા. વાણિયાના છોકરા પોતાના અક્ષર ઠેરવવાને વાસ્તે દોપીસ્તાં લખવા બેઠા હતા. ગાય,ભેંસ, ઇત્યાદિ પશુઓ ગળાંના બંધથી છૂટી આનંદથી ગોવાળીઆની પાછળ ચરવા જતી હતી. કુળવંતી સારા સ્વભાવની બાયડીઓ ઊઠી પોતાનાં ઘર વાળી ઝાડી પોતાનાં છોકરાં તથા ધણીને સુખ આપવાનાં સાધન કરવામાં પડેલી હતી; તેમ દુષ્ટ રાંખણી બાયડીઓ બબડતી ફફડતી, છોકરાંને ગાળ દેતી તથા માર પછાડ કરતી અને ધણીને ધમકાવતી આણીગમ તેણીગમ ઘરમાં ફરતી હતી. આળસુ, એદી, અફીણી, અને એવા સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલિયા ઉપર ગબડતા હતા. પણ ઉદ્યમી, ચાલાક લોકો ઊઠી દાતણ પાણી કરી પોતપોતાને ધંધે વળગતા; અને દુકાનદારો તો થોડો નાસ્તો કરી લૂગડાં પહેરી હાથમાં મોટી કૂંચી લઈ દુકાને

જતા. કેટલાએક દુકાન ઊઘાડતા હતા, અને કેટલાએક તો દુકાન ઊઘાડી વાળી ઝાડી ધોઈ તેની પૂજા કરી, માલ ગોઠવી દુકાન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાએક લોકો પાઘડી પહેરી અંગવસ્ત્ર ઓઢી હાથમાં લોટા લઈ શહેર બહાર જતા હતા. શહેરની સ્ત્રીઓ પાણી ભરીને માથાં ઉપર બેહેડાં ઉપર બેહેડાં ચઢાવી ઘણી રમણિક ચાલથી પોતાના ધણી, સાસૂ, નણંદ, વગેરેની વાતો કરતી અને વખતે કોઈ એકલો પુરૂષ જતો હોય તેની મશ્કરી કરતી ચાલી આવતી હતી. સહસ્ત્રલિંગ તળાવ ઉપર બ્રાહ્મણો વગર નાહ્યા બેશી બીજાઓને નહાવાના પુણ્યનો બોધ કરતા, અને તેઓનાં લૂગડાં સાચવવાને સારૂ પૈસા લેતા હતા. તળાવમાં આસ્થાથી ઘણા લોકો નાહીધોઈને સ્વચ્છ લૂગડાં પહેરી ચાંદલા કરાવી દેવદર્શને જતા હતા. ઘૂડ તથા વનવાગળાં, કાગડા, વગેરે બીજાં પક્ષીના ધાકથી ઝાડોમાં સંતાઈ જવાને ઊડી જતાં હતાં. ચકોર પક્ષી તેના સ્વામી ચંદ્રના અસ્ત પામવાથી કોઈ ગુપ્ત જગાએ ભરાઈ બેઠું હતું. ચોર લોકો પોતાની આશા સફળ કરી અથવા તે નિષ્ફળ થવાથી નિશાસો મૂકતા ઉતાવળથી પોતપોતાને ઘેર જતા હતા. મુસાફરો ચાલતા, ઘોડે અથવા ગાડામાં બેશીને ખુશીથી અથવા ચિંતાતુર જતા હતા. રસ્તામાં ધોબી બળદ લાદીને આનંદથી ગાતા ગાતા ઘાટ ઉપર જતા હતા. કેટલાએક ધનુર્વિદ્યા શીખવાને અથવા તેમાં અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા, રજપૂત લોકો શહેર બહાર અથવા કોઈ ખુલ્લા મેદાનમાં પોતાના ઘોડાને ફેરવવા લઈ જતા હતા. એ પ્રમાણે તે વખતે શહેરનો દેખાવ હતો.

પાઠ ૨૭. કંજુસ ડોશી અને તેનો કંગાલ ભત્રીજો.

એક વખતે ગુજરાતના કેટલાએક લોક એકઠા મળીને ગોકુળ મથુરાજીની જાત્રા જતા હતા. તેઓમાં એક વાણિયાની નાતની ઘરડી ડોશી હતી તે એટલી તો વહેમી હતી, તથા તેની પાસે જે પૂંજી હતી તે જાળવવાની તેને એટલી તો ફીકર હતી કે બીજા લોક જાત્રા જાયછે, તે વખતે પોતાની માલમતા પોતાના ગામમાં સગાને અથવા કોઈ બીજા વિશ્વાસુ માણસને સોંપી જાયછે, તેમ તે ડોશીએ કીધું નહતું. તેની પાસે આશરે સો મોહર હતી તે તેણે દળી ખાંડીને તથા બીજાં વહીતરાં કરી મેળવી હતી. તેનું એક પોટલું બાંધીને તે પોતાની પાસેજ રાખતી, અને રાતે ઊંઘતી વખતે તે પોટલું તેની બગલમાં એટલા જોરથી દાબીને સૂતી, અને તેની ઊંઘ એવી કુતરાના જેવી હતી કે તેને કોઈ જરા અડકે તો

જાગી ઊઠી શોરબકોર કરી આખો સંઘ જગાડી દેતી. એ ડોશીની આવી રીતથી તેને સઘળા ચીઢવતા હતા, આખે રસ્તે મશ્કરી કરતા, અને રાત્રે ઘણીવાર તેને છેડીને વારે વારે તેને ભર ઊંઘમાંથી જગાડયાં કરતા. તેને તેમાંથી એક પૈસો પણ ખરચવો પડતો ત્યારે તેનો જીવ જવો બાકી રહેતો. જાત્રામાં ધર્મ દાન કરવું અને જે બાકી રહે તેમાંથી તેના મુઆ પછી નાતમાં છુટ્ટું ઘી પીરસવું એ તેની મોટામાં મોટી ઉમેદ હતી. જીવતાં તો નાતના તરફની આબરૂ મળી નહિ, ત્યારે મુઆ પછી ઊજવાવું અને નાતના લોક પાસે વાહવાહ કહેવડાવવી એ તેના મનનો મુખ્ય ઉદ્દેશ હતો.

તેનો ભત્રીજો તેની સાથે આવેલો હતો તે ઘણી ગરીબ હાલતમાં હતો, અને અગરજો તે ડોશીને કાંઇ છોકરાં નહતાં. અને તેના પૈસા ખાનાર એ ભત્રીજા સિવાય બીજું કોઈ નહતું, તોપણ જ્યાંસુધી તે જીવતી રહે ત્યાંસુધી તે ભત્રીજો ભૂખે મરી જાય, તોપણ તેને તે એક પૈસો પણ આપતી નહિ. ડોશીનો વિચાર એવો હતો કે મરતી વખતે તે પૂંજી નાતના પટેલને સોંપવી, અને તેમાંથી તેનાં કહ્યા પ્રમાણે તેની મૈયતનો ખર્ચ થયા પછી જે બાકી રહે તે તેના ભત્રીજાને સોંપાવવું. એટલું છતાં પણ તે ડોશીનું તેના ભત્રીજા ઉપર ઘણુંજ હેત હતું. અને તે જ્યારે માંદો પડતો ત્યારે તે મરશે તો પાછળ કોઈ પોતાને આગ મુકનાર રહેશે નહિ એ ફીકરથી તે તેની પોતાના છોકરાના જેટલી બરદાસ્ત કરતી હતી. તોપણ જ્યારે તે પૈસાના દુઃખની વાત તેની આગળ કરતો ત્યારે તે વાત બદલી નાંખતી, અથવા મારી પાસે કાંઇજ નથી એમ કહેતી. હવે ભત્રીજાને એવી ડોશી ઉપર હેત તો ક્યાંથીજ હોય? ચાર દહાડા લાંઘણ કીધી હોય તોપણ ડોશી એકો રોટલો પણ તેને ખવડાવે નહિ, તો એક પૈસો તો ક્યાંથીજ આપે? માટે તે ડોશીની મરવાની ઘણી આતુરતાથી રાહ જોતો હતો, પણ જેમ તેની તેને મારવાની ઉતાવળ તેમ ડોશીનું આવરદા લાંબું થતું, અને તેને ઘણા ઘણા રોગ થઈ ગયા તોપણ રીઢા વાસણની પેઠે તેના શરીરને જરા પણ નુકસાન લાગ્યું નહતું. ભત્રીજાની પૈસા તરફની અવસ્થા વધારે વધારે ખરાબ થતી ગઈ, અને ડોશીનો લોભ દહાડે દહાડે વધતો ગયો. જ્યારે ડોશી જાત્રા જવા નીકળી, ત્યારે તેને તે પૈસા સોંપશે એવી તેણે આશા રાખી તે પણ ભંગ થઈ, ત્યારે પોતાની પાસે જે કાંઈ સામાન હતો તે વેચીને તેના થોડા એક પૈસા ઊપજાવ્યા અને તે લઈ તે પણ ડોશીની સાથે જવા નીકળ્યો. ડોશીને તે જરા પણ પરવડયું નહિ; પણ શું કરે! લાચાર. ભત્રીજાએ જતી વખતજ નિશ્ચય કીધો કે હવે વધારે વાર સ-

ગુર રાખી શકાતી નથી. માટે રસ્તામાં તેને ઠાર કરવી અને તેના પૈસા લઇ લેવા. પણ તે એટલી જાગૃત રહેતી હતી, તથા ત્યાં લોકોની આખી રાત એટલી તો વસ્તી હતી કે તેના દુષ્ટ વિચાર તેનાથી હજુ સુધી અમલમાં લવાયા નહતા. તેને લાગ મળતો નહતો તેથી તે ઘણો ખીજરાયા કરતો હતો, અને જેમ જેમ દહાડા ગયા, તેમ તેમ તેના ખૂની વિચાર વધારે દૃઢ થયા.

એક વખત મધરાતે સઘળા ભર ઊંઘમાં પડેલા હતા તે વખતે પેલો ભત્રીજો ઊઠયો, અને તે ડોશી પાસે જઈ એકદમ તેની ગળચી પકડી અને તે બૂમ પાડવાને મોં ઉઘાડે છે એટલામાં તેમાં એક ચીથરાનો ડૂચો ઘાલી દીધો. પછી ડોશીની ગળચી એવા જોરથી દાબી કે તે ગુંગળાઈને તુરત મરણ પામી. ત્યાર પછી તેની બગલમાંથી પોટલું કાઢી પાસેના ઝાડ નીચે એક ખાડો ખોદીને દાટ્યું. અને ત્યાં સારીપેઠે નિશાની રાખી પાછો સૂઇ ગયો.

પાઠ ૨૮. બે વેદાંતી બ્રાહ્મણો.

પહેલેજ દહાડે માધવ અને મોતીશા એકલા અને વાટ દેખાડનાર કોઈ ભોમિયો નહિ તેથી તેઓ ભૂલા પડ્યા, અને ધોરી રસ્તો છોડીને એક જંગલમાં પેઠા. જેમ જેમ તેઓ આગળ ચાલતા ગયા તેમ તેમ જંગલ વધારે ઘોર થતું ગયું, અને જ્યારે સાંજ પડી, ત્યારે ત્યાં એટલું તો અંધારૂં થઈ ગયું કે એક ડગલું પણ તેઓનાથી આગળ જવાયું નહિ. નિરાશ થઈને તેઓએ ઘોડા ઉપરથી ઉતરીને ઘોડા ઝાડ સાથે બાંધ્યા. અને જંગલી જનાવરોની દહેશતને લીધે તેઓ ઝાડ ઉપર ચઢી ત્યાં આખી રાત સૂઈ રહેવાનો મનસુબો કરતા હતા, એટલામાં પાસેનાં ઝાડમાંથી બે બ્રાહ્મણો હાથમાં નાગી તલવાર લઈને તેઓની સામા ઊભા રહ્યા. જ્યારે તે ચારો જણની આંખ મળી ત્યારે બ્રાહ્મણો બોલ્યા: "યજમાન રાજા, કલ્યાણમસ્તુ, અમે દક્ષિણા લેવા આવ્યા છીએ." માધવે આશ્ચર્ય પામીને તેઓની સામું જોઈને પૂછ્યું. 'ગોરમહારાજ, તલવાર ઊઘાડી રાખી દક્ષિણા માગતાં બ્રાહ્મણોને મેં મારી જીંદગીમાં આજેજ જોયા, તમારી હકીકત કાંઈ વિચિક્ષણ હશે, માટે કૃપા કરી તમે કોણ છો, તથા તમારો ધંધો શો છે તે કહો." બ્રાહ્મણો બોલ્યા: "યજમાન રાજા, અમે બે ભાઇઓ છીએ, અને અમે વેદાંતી ધર્મ પા-

જીએ છીએ. થોડાં વરસ ઉપર કાંઈ ધંધો ન મળવાથી અમે એવા તે દરિદ્રી થઈ ગયા, અને તેથી અમારી બાયડીઓ અમને એટલા રોજ ઠોક પાડવા લાગી કે કાંઈ પણ ધંધો કરવાનો અમે નિશ્ચય કીધો. એ-વામાં એક દહાડો એક વ્યાસજી વેદાંત ઉપર કથા કરતા હતા તે સાંભ-ળવાને બેઠા. કથામાં વ્યાસજી બોલ્યા; "આ જગત્ માયારૂપી છે. ભાઈઓ, એક બાજીગરનો ખેલ છે. જેમ જાદુગર લોકો નજરબંધી કરી ધૂળ હોય ત્યાં પાણી દેખાડેછે, તેમ માણસ સઘળું ખોટું દેખેછે. જગ-ત્માં આત્મા અને પરમાત્માનસિવાય બીજું કાંઈ નથી. જે જે પ્રાકૃતિક પદાર્થ આપણી ઇંદ્રિઓવડે માલૂમ પડેછે, તેઓ ખરેખર જગતમાં છેજ નહિ. એ તો માત્ર આભાસ છે. જેમ સ્વપ્નમાં આપણે હજારો વસ્તુઓ જોઈએ છીએ, આપણને શબ્દ સંભળાયછે, અને સઘળાં ઇં-દ્રિયસુખ મળેછે, પણ જાગ્યા એટલે તેઓમાંનું કાંઈ ત્યાં હોતું નથી, તેમ આ જગત્માં આપણી અવસ્થા સ્વપ્નવત્ છે. પદાર્થ કાંઈ છેજ નહિ. માટે રે ભાઈઓ! જગત્માં લોકો પૈસા મેળવવાને શ્રમ કરેછે તે સઘળો મિથ્યા છે. જેટલું લોકો મારૂં તારૂં કરેછે તે ફોકટ છે. અલ્યા, મારૂં કાંઈ નથી, અને તારૂં પણ કાંઈ નથી." એ કથા સાંભળીને અ-મારાં મન ઉપર એટલી તો અસર થઈ કે અમે વેદાંતી થઈ ગયા, અને મારા અને તારામાં કાંઈ અંતર ગણવો નહિ એવો નિશ્ચય કીધો. પછી એકવાર અમે અમારા યજમાનને ઘેર કાંઈ કામસર ગયા, ત્યાં એક પૈ-સાની થેલી પડી હતી, તે જોઇને અમે વિચાર કરવા લાગ્યા કે આને માનવી પૈસો કહેછે, પણ ખરેખરો તો તે છેજ નહિ, એ તો માત્ર આ-ભાસ છે. વળી જગત્ કારમું છે, તથા આવરદા ક્ષણભંગુર, તેથી એ પૈસા મૂકીને યજમાનને કોઈ દહાડો જવું પડશે, અથવા એ પૈસા યજ-માનને મૂકીને જતા રહેશે, એ બેમાંથી એક વાત તો નિશ્ચય બનવાનીજ. હવે યજમાન પૈસા મૂકીને હમણા જાય એવો સંભવ નથી, અને જાય તોપણ તેથી અમને લાભ કાંઈ થાય નહિ. ત્યારે પૈસાએ આજે યજ-માનને મૂકીને જવું જોઈએ. વળી મારૂં તારૂં એ સઘળું મિથ્યા છે, માટે યજમાનના પૈસા અને અમારા પૈસા એમાં ભેદ શો? એમ વિચારીને તે થેલી ઊંચકી લીધી, અને તે લઈને જતા હતા એટલે યજમાનના દુષ્ટ ચાકરોએ અમને પકડ્યા, અને યજમાનના કહેવાથી અમને રાજા આગળ લઈ ગયા, રાજાની પણ આંખ ઉપર માયાની અંધારી બાંધેલી

તથા તેણે મારાતારામાં ભેદ ગણ્યો, અને વેદવ્યાસજીના વેદાંત મતથી ઊલટો ચાલીને અમને પાંચ વરસ બંદીખાનામાં નાંખ્યા.

માધવને એ બે વેદાંતી બ્રાહ્મણોની વાત સાંભળી ઘણું હસવું આવ્યું, અને પેટના દુઃખથી તેઓના મગજ ઉપર અસર થઈછે એમ સમજીને તેઓને એક સોનાની મોહર આપી. તે લઈને આ બંને ઘણા પ્રસન્ન થયા અને આશીર્વાદ દઈ ચાલતા થયા.

પાઠ ૨૯. સંન્યાસ.

સંન્યાસી દુનિયાનો શી રીતે ત્યાગ કરેછે તેવિષે જે મનુસ્મૃતિમાં લખે- લુંછે તે સાંભળો.

"જ્યારે કોઈ કુટુંબના મુખ્ય માણસનું શરીર સઘળું ઢીલું પડી જાય, તથા નિમાળા સફેદ થાય, તથા તે છોકરાનાં છોકરાં જોય, ત્યારે તેણે વનવાસ કરવો. શહેરમાં જે ખાવાની વસ્તુઓ હોયછે તે તથા ઘરનાં વાસણકુસણ મૂકી દેઈને એકાંત વનમાં જવું. પોતાની વહુ ને છોકરાંને તજવાં, અથવા જો તે વહુની સાથે આવવાની ખુશી હોય તો તેને જોડે લેવી. તેણે પોતાની સાથે પોતાના ઘરનો અગ્નિ તથા હોમ કરવાનો સામાન સઘળો લેવો, અને વનમાં જઈને પોતાની જ્ઞાન તથા કર્મેંદ્રિયો ઉપર અખતિયાર રાખી રહેવું. ઋષિઓ જે ખાતા એટલે કંદ, મૂળ, ફળ, ઇત્યાદિ પવિત્ર વસ્તુઓ તેણે ખાવી. તેણે કાળા હરણનું ચામડું અથવા છાલનું વસ્ત્ર પહેરવું. સાંજ સવાર સ્નાન કરવું. માથા તથા દાઢીના નિમાળા વધારવા, અને નખ મોટા થવા દેવા. જે તેને ખાવાનું મળે તેમાંથી દાન વગેરે કરવું તથા તેના આશ્રમમાં જેઓ આવે તેઓનો સત્કાર કરી તેમને કંદ, મૂળ, ફળ, પાણી આપવાં. તેણે હમેશા વેદા- ભ્યાસ કરવો. ગમે તેવી વિપત્તિ આવી પડે તોપણ ધૈર્ય રાખી પરોપકાર કરવો; પરબ્રહ્મ ઉપર મન સ્થિર રાખવું, નિરંતર આપ્યાં કરવું, પણ કાંઈ દાન લેવું નહિ, અને સઘળા જીવવાળા પદાર્થો ઉપર દયા રાખવી. ભોંય ઉપર તેણે આગળ તથા પાછળ લપસવું, અથવા આખો દહાડો પગના એક આંગળા ઉપર ઊભા રહેવું, અથવા ઊઠ બેસ કર્યાંજ કરવી; પણ સૂર્યોદયની વખતે, બપોરે, તથા સૂર્ય અસ્ત થવાના સમયે તેણે સ્નાન કરવા જવું; ઊનાળામાં તેણે પંચાગ્નિ વચ્ચે બેસવું; એટલે ચાર અગ્નિ આસપાસ સળગાવવા, ને પાંચમો અગ્નિ માથે સૂર્ય. વરસાદના

દહાડામાં જ્યારે ભારે ઝાપટાં આવે ત્યારે એક પણ વસ્ત્ર ઓઢ્યા-વિના વરસાદમાં ઊભા રહેવું. શિયાળામાં તેણે હવાયલાં વસ્ત્ર પહેરવાં અને ધીમે ધીમે દેહકષ્ટમાં વધારો કરયાં કરવો. પછી શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે પોતાનો પવિત્ર અગ્નિ રાખ્યા પછી બીજો દેવતા સળગાવ્યાવિના ઘર વગર મૌન્ય વ્રત લઇને રહેવું, અને કંદ, મૂળ ખાવાં અથવા પત્રાવળીમાં, હાથમાં અથવા તૂમડીમાં શાહેરમાંથી ખાવાનું લઈ આવવું, અને તેમાંથી આઠ કોળિયા માત્ર ખાવા. જે બ્રાહ્મણ વનવાસ કરે તેણે આ તથા એવા બીજા નિયમો પાળવા જોઇએ, અને પોતાના આત્માને પરમાત્મા સાથે લીન કરવાને તેણે ઉપનિષદોનો અભ્યાસ કરવો. એ પ્રમાણે તેના આવરદાના ત્રીજા ભાગમાં વનમાં ધર્મનાં કૃત્યો કીધા પછી ચોથા ભાગમાં તેણે સંન્યાસી થવું. તેણે સઘળું સંસારી સુખ ત્યાગ કરવું, અને પરબ્રહ્મ ઉપર વિશ્વાસ રાખીને મોત પણ માગવું નહિ, અને આવરદા પણ ઇચ્છવું નહિ. જેમ ચાકર પોતાનો પગાર લેવાને મહિનો પૂરો થવાની રાહ જોયછે તેમ તેણે તેના નિયમિત વખતને માટે વાટ જોઈ બેસવું."

હવે સંન્યાસી થવાની વિધિ નીચે પ્રમાણે છેઃ—પહેલાં તો એક સારો દહાડો શોધી કાઢવો, અને તે દહાડે તેણે સ્નાન કરવું, અને એક લૂગડાના દશ કકડા ભગવા રંગીને તેઓ સાથે લઈ મુકરર કીધેલી જગાએ જવું. એ દશ કકડામાંથી ચાર પોતાના ખપને વાસ્તે રાખવા, અને છ ક્રિયા કરાવનાર બ્રાહ્મણોને વહેંચી આપવા. સંન્યાસીએ બીજા સામાનમાં એક તો સાત ગાંઠાવાળો વાંસનો દંડ, બીજી તૂમડી, ત્રીજું હરણનું ચામડું, ચોથું રૂપા તથા તાંબા નાણું, ફૂલ, રાતા રંગેલા ચોખા, ચંદન ઇત્યાદી રાખવાં. પછી એક ઘણોજ બદ સ્વાદ રસ તૈયાર કરીને તેને આપેછે, અને ઇંદ્રિયોનું સુખ હવે ત્યાગ કીધું એમ જણાવવાને તે તે રસ પી જાયછે. પછી ગુરૂ તેના કાનમાં મંત્ર ભણેછે, તથા સંન્યાસ લીધા પછી શું શું કરવું તે તેને સમજાવેછે. પછી તે ભગવાં વસ્ત્ર પહેરેછે, નાતજાતનો ત્યાગ કીધો તે જણાવવાને તેનું જનોઈ તોડી નાંખેછે, અને ચોટલી બોડાવેછે. એ સઘળી ક્રિયા થઈ રહ્યા પછી દંડ, તૂમડી, તથા હરણનું ચામડું લેછે. અને તૂમડીમાંથી ત્રણ આચમન મંત્ર ભણીને કીધાં એટલે તે સંન્યાસી થયો ; પછી તેને સંસાર સાથે કાંઈ સંબંધ રહેતો નથી. સંન્યાસીએ હરેક સવારે સ્નાન કીધા પછી આખા શરીર ઉપર ભ-

સ્મનો લેપ કરવો, દહાડામાં એકવાર ખાવું, પાન સોપારી ખાવાં નહિ, બઇરાં તરફ દૃષ્ટિ પણ કરવી નહિ, દરેક મહિને દાઢી, મૂછ તથા માથું બોડાવવું, પાવડી પહેરવી, જ્યારે બહાર ફરવા નીકળે ત્યારે તેણે એક હાથમાં સાત ગાંઠાનો દંડ પકડવો, બીજા હાથમાં તૂમડી લેવી, અને બગલમાં હરણનું ચામડું ઘાલવું. તૂમડીમાં પાણી ઘલાય, અને ચામડું આસનને ઠેકાણે કામ આવે. તેણે ભિક્ષા માગી પેટ ભરવું, અને ભિક્ષા માગવાનો તેનો હક્ક છે. જો સંન્યાસી પાસે દ્રવ્ય એકઠું થાવ તો તેણે દાન કરી દેવું, અથવા તે વડે ધર્મશાળા, દેવસ્થાન, વાવ, કૂવા, વગેરે બાંધવાં. તેઓએ પોતાનો આશ્રમ નદી અથવા તળાવને કાંઠે રાખવો, કેમકે ત્યાં સ્નાન કરવાનું ઘણું સુગમ પડેછે.

પાઠ ૩૦. સંસારરૂપી મહાસાગર.

આ સંસાર એક મોટો વિકટ સાગર છે તેમાં કરોડો વહાણો હંકારાયછે. તે વહાણોમાં તેના ધણી પોતાની સાથે સંબંધ રાખનાર માણસો લઈને બેઠેલાછે. એ દરિયામાં અગણિત નાના મોટા ખડકો પાણીમાં ઢંકાયેલાછે તે ઉપર કેટલાંએક વહાણો ગર્ભપુરી બંદરમાંથી નીકળતાંજ અથડાઈને ભાગી જાયછે, અને તેમાં બેઠેલાં તમામ માણસો ગરક થઈ જાયછે. બીજાં કેટલાંએક થોડા આગળ ચાલ્યા પછી ડૂબેછે. એ પ્રમાણે એક પછી એક વહાણ એ ખડકોને લીધે ભાગતાં માલૂમ પડેછે, અને બીજાં નવાં ગર્ભપુરી બંદરની ગોદીમાંથી દરિયામાં બહાર પડેછે. આ એ રસ્તે જ્યાંસુધી વહાણો મુક્તપુરી બંદરે પહોંચે ત્યાંસુધી સાગરનાં મોટાં ઊછળતાં તોફાની મોજાંથી ઊંચાં નીચાં થાયછે, અને હમણા ડૂબશે, હમણા ડૂબશે એવી તેમાં બેસનારાઓને દહેશત રહેછે. દરિયામાં ડૂબેલા ખડકો સિવાય બીજા અગણિત ઊંચા આવેલા પત્થરના સીધી બાજુવાળા બેટો છે તે ઉપર લીલોતરી તથા રળિયામણા પર્વતો હોવાને લીધે ઘણા સુંદર દેખાયછે. વળી તે ઉપર દેખીતી ખૂબસુરત દુર્ગુણ નામની રાક્ષસીઓ બેશીને મધુર રાગથી ગાયન કરેછે. કટાક્ષથી વહાણમાં બેસનારાઓને ત્યાં આવવાને ઇશારત કરેછે. હવે વહાણધણીની સાથે જેઓ બેઠેલા હોયછે તેઓમાંથી કેટલાએક તેના ખરા મિત્ર હોયછે; કેટલાએક તો તે દુષ્ટ રાક્ષસીઓનાં સગાં તથા મદદગાર હોયછે, અને તેઓ વહાણધણીને તે બેટોમાં જવાને નિરંતર સમજાવ્યાં કરેછે. જ્યાં-

સુધી વહાણનું સુકાન વિવેકની પાસે હોયછે ત્યાંસુધી સામે પવને પણ તે સદ્‌ગુણોની સાંકડી નાળમાંજ તે વહાણ ચલાવશે. પણ તે રસ્તામાં તે વહાણધણીને મઝા પડતી નથી. તેના વહાણમાં બેસનારા પણ તેના શત્રુઓ તેના હમેશા કાન ભર્યા કરેછે, અને વિવેક જે રસ્તે વહાણ લઈ જાયછે તે રસ્તામાં કાંઈ જોવા જેવું નથી, તથા જ્યારે આવા સાગરમાં આવ્યા ત્યારે ત્યાંની સઘળી મોજ ચાખીએ નહિ તો ફેરો મિથ્યા એવી શીખામણ આપી વિવેક પાસેથી સુકાન છીનવી લેવડાવીને અવિચારને સુકાનીનું કામ સોંપાવેછે. પછી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, સઢો ચઢાવવામાં આવેછે, અને તૃષ્ણાનો જોરથી પૂઠનો પવન આવવા માંડ્યો એટલે વહાણ સદ્‌ગુણની નાળમાંથી ખસડાઈને બહોળા દરિયામાં પડેછે. પછી જે રસીલા બેટ પાસે હોયછે તે તરફ વહાણ હંકરાયછે. આ વખતે નાળમાં વહાણવાળા બહાર પડેલાઓને મોટેથી પોકાર કરીને બેટ પાસે જવાની ખરાબી સમજાવેછે, તથા બીજા વહાણવાળા જેઓ તે બેટની પાસે લગભગ ગયા હોય તેઓને બેટની પત્થરની સીધી બાજૂઓ ઉપર અથડાઈને તેના કડકે કડકા થઈ જાયછે તે તેઓ દેખાડેછે, પણ મૂર્ખ વહાણધણી તેઓની વાત લગાર પણ કાને ધરતો નથી. દુર્ગુણ રાક્ષસીઓના મદદગાર તથા જાસુદો તેને સમજાવેછે કે જેઓ ભરદરિયામાં પડ્યા નથી, તેઓ તેની ખુશી જાણી શકતા નથી, તથા જેઓનાં વહાણ અથડાયાંછે તેઓના સુકાની સારા નહિ હશે, અથવા તેઓએ બેટ ઉપર જવાનો ખોટો રસ્તો પકડ્યો હશે; આપણને એમ થશે નહિ, અને એમ કરતાં જો વહાણને જોખમ લાગે એવો જરાપણ સંભવ લાગશે તો તુરત સઢ વીંટાળી લઈ વહાણ પાછું નાળમાં ઘાલી દઈશું. પણ નુકસાન લાગશે એવી નકામી બીકથી એક સાંકડી નાળમાં ચાલ્યાં કરવું, અને આ સાગરમાંના અગણિત બેટોમાં શું શું છે તે શોધ્યાવિના રહીએ તો વહાણ ચલાવવાની ખૂબી શી? એવી સલાહ માન્ય કરી વહાણ આગળ બેટ તરફ ચલાવેછે અને રસ્તામાં ડુબતાં બીજાં વહાણો જોયછે, તથા તે બેટની પાસે લાખો વહાણો ભાગતાં તેની નજરે પડેછે તોપણ તે બેધડક આગળ ચલાવ્યો જાયછે, એટલે સુધી કે તે વહાણ પણ બીજાઓની પેઠે તળીએ બેસેછે. તે વખતે તે રડે, શોક કરે કે પસ્તાય તે શા કામનું? જોત જોતામાં નીચે બેસતું જાયછે, પણ કોઈ તેને બચાવતું નથી, અથવા હવે બચાવવાનો વખત ગયો એટલે નાળમાંના ઘણાએક વહાણવાળાઓ તેઓની તરફ દોરડાં

ફેંકી તથા નાના નાના મછવા મૂકાવીને તેઓને ઉગારવાને જે મહેનત કરે તે સઘળી નિષ્ફળ જાયછે. ધન્ય છે એવા મદદ કરનારા વહાણવાળાઓને કે આટલી બધી લાલચ છતાં, આટલું બધું જોખમ વેઠીને, બલકે ડૂબતા તથા ડૂબવાની તૈયારી ઉપર આવેલા વહાણવાળાઓની ગાળ ખાઈને, તથા તેઓની તરફથી અપમાન સહીને તેઓને મુક્તપુરીના સાચા રસ્તા ઉપર લઈ આવવાને આટલો શ્રમ કરેછે! એ પરોપકારી પરમાર્થી વહાણવાળાઓની મહેનત હમેશા અફળ થતી નથી. અગરજો ઘણાં વહાણો તેઓની તરફથી સહાયતા આવ્યા પહેલાં અથવા આવ્યા છતાં પણ ભાગેછે તોપણ થોડાંએકને તો તેઓ બચાવી શકેછે, અને તેઓને પાછાં નાળમાં ઘાલી દેછે.

પાઠ ૩૧. આત્માનો ઉદ્ધાર.

આ સર્વથી અગત્યની બાબત ઉપર આ દુનિયામાં કેટલું થોડું ધ્યાન આપવામાં આવેછે! મારા આત્માનો ઉદ્ધાર કરવો એ મારા જીવતરનું મુખ્ય કામ છે એવો વિચાર કેટલા થોડા લોક કરેછે! વાંચનાર, આ બાબત વિષે ઘણી કાળજી રાખીને તું એ પ્રમાણે ચાલ્યોછે? જો એવું હોય તો નીચે પ્રમાણે જરૂર બોલીશ.—

મારા શરીરમાં આત્મા છે. મારો આત્મા સુખ કે દુઃખમાં રહેવો જોઈએ. આ પૃથ્વી ઉપર હું થોડાં વરસ રહેવાનો છું. એટલામાં હું ગરીબ અવસ્થામાં ડુબી ગયો અથવા મોટો રાજાધિરાજ થયો તો શું થયું! મારા ભાઈબંધોએ મારો તિરસ્કાર કીધો કે મને માન આપ્યું તો શું થયું! મારૂં શરીર રોગી અથવા નિરોગી હોય, દુઃખથી અથવા સુખથી ભરેલું હોય તોપણ શું થયું! એ તો માત્ર થોડા વખતનું છે. આ સઘળી બાબત નજીવી છે. મોત નક્કી અને પાસે છે. મારા શરીરમાંથી પ્રાણ ગયો એટલે માટી સાથે માટી અને રાખ સાથે રાખ મળી જશે. મરતી વેળાએ, આ દુનિયા મારી છે, એમ કહું તો એથી મને શો લાભ થશે તથા એથી મને શું સુખ પ્રાપ્ત થશે!

પણ મારો આત્મા શરીરથી છૂટો પડ્યા પછી સુખી અથવા દુઃખી થશે; મારી મુક્તિ થશે કે નરકકુંડમાં મને ડૂબવું પડશે, આ, આ, અને માત્ર આજ મોટી અગત્યની અને જાણવાજોગ વાત છે.

ઈશ્વરના ક્રોધથી ઊગરવું અને સ્વર્ગમાં વાસ કરવો એ વિચાર મારે

પ્રથમ કરવો જોઈએ. જો એમજ હોય તો ચાલ હું મારા મનને ફરીથી પૂછી જોઉં કે કઈ દુનિયા વિષે મારી ઘણી આતુરતા છે? આ કે બીજી? કઈ વિષે મને ઘણીજ ફીકર ચિંતા છે?

શું હું વારે ઘડીએ પૂછતો નથી કે "હું શું ખાઈશ, હું શું પીશ, મને કેવા કપડાં મળશે?" પણ ખરા દિલથી મેં કયે દહાડે પૂછ્યું કે મારો ઉદ્ધાર થવા માટે મારે શું કરવું જોઈએ? જો મારા આત્મા વિષે મને ફીકર ચિંતા ન હોય તો નક્કી જાણવું કે મારી સ્થિતિ ખરાબ અને ભયભરેલી છે.

પાઠ ૩૨. પાપનું સુખ ઠગારૂં.

જે રૂપસુંદરીને વાસ્તે કરણ રાજાને આ સઘળું દુઃખ આવી પડ્યું, જેને વાસ્તે તેણે આ લોકમાં અપજશનો ગાંસડો બાંધ્યો, અને પોતાના રાજ્યને તથા શરીરને જોખમમાં નાંખ્યું, જે રૂપસુંદરીને વાસ્તે તેણે પોતાના અમર આત્માને મહા દુઃખના ખાડામાં નાંખ્યો, અને આ ક્ષણભંગુર જગતમાં હલકી જાતનું અનિશ્ચિત સુખ મેળવવામાં પરલોકમાંના સર્વોત્કૃષ્ટ, અમર્યાદ, અનંતકાળ સુધી પહોંચે એવા અચળ સુખ ઉપરથી હાથ ઊઠાવ્યો, તે રૂપસુંદરીને પણ એક ખુણામાં રહેવા દીધી અને તેની અપ્સરા જેવી કાંતિ તથા પરી જેવા વદનને જોવાથી જે અપાર સંતોષની તે આશા રાખતો હતો તે પૂરી ન પડતાં ઊલટો તે નજરે પડતાંજ. બલકે તેનો વિચાર મનમાં આવતાંજ, તેને ઘણોજ સંતાપ ઊપજતો હતો. હાયહાય! રૂપસુંદરી! રાજાની સાથે સમાધાન કરતી વખતે જે તારા મનમાં મોટી મોટી આશા હતી, તથા પટ્ટરાણીનું સુખ ભોગવવાની જે ઉમેદ હતી, તે સઘળી પાણીના પરપોટાની પેઠે ફૂટી ગઈ! તું રાજ્યમહેલના એક ખુણામાં પડી રહેલીછે, અને રાજાએ તને ન માની એટલે આખા મહેલમાં તું શૂન્ય જેવી થઈ પડીછે!

માણસનું મન કેવું ચલિત તથા અનિશ્ચિત છે! જ્યાંસુધી તેને કાંઈ વસ્તુ મળી નથી ત્યાંસુધી તેનાઉપર તેનો અતિ ઘણો મોહ રહેછે, અને તે તેને મેળવવાને તન, મન અને ધન સઘળું અર્પણ કરવાને તૈયાર થાયછે; અને મળ્યા પછી કેવું જતન કરી તેનો કેવો ઉપભોગ કરીશ, તે વિના મારાથી એક ઘડી પણ જીવાશે નહિ, અને આટલા દહાડા તે વગર ચાલ્યું એ કેવું આશ્ચર્ય, એવો વિચાર કરેછે. પણ તે એકવાર

મળી એટલે તે તુચ્છ જેવી તેને દેખાયછે, તેની કીમત પાણીના રેલાની પેઠે ઉતરી જાયછે, અને જે આઘેથી હીરો દેખાતો હતો તે પાસે આવવાથી એક કાચનો કડકો ઠર્યો તેથી તે બીજી નકામી વસ્તુઓમાં ભળી જાયછે, અને જેમ એક નાનું છોકરૂં રડીને એક રમકડું લેછે, અને તે મુકી બીજાને લેવાનું કરેછે, તેમ તેનું મન તે વાત ઉપરથી બીજી નવી વાત ઉપર દોડેછે. એ પ્રમાણે ફોકટ શ્રમ કરવામાં તેનું આખું આયુષ્ય વહી જાયછે, અને જે સુખ મેળવવાને તે તેનો અમૂલ્ય અવતાર અર્પણ કરેછે તે સુખ એક ભૂતના તાપણાની પેઠે આઘું, અને આઘુંજ જતું જાયછે.

પાઠ ૩૩. કરણ રાજાની જન્મોત્રી.

, કરણ રાજાના અંતઃકરણમાં પશ્ચાત્તાપનો કીડો જીવતો હતો તે તેને નિરંતર કોતરી ખાતો હતો, તથા દુષ્ટ કર્મનો અગ્નિ તેનામાં હોલવાયો ન હતો, તે સમયે તેના મહેલમાં રોજ રોજ જોશીઓનાં ટોળેટોળાં આવતાં હતાં, અને તે લોકોની કમાઈ તે વખતમાં એટલી તો વધી ગઈ કે સઘળા બ્રાહ્મણો તથા જતીઓનું બીજી વિદ્યાઓ પડતી મુકી જ્યોતિષશાસ્ત્રનો થોડો ઘણો અભ્યાસ કરવા ઉપર મન દોડયું. તેની જન્મોત્રી જોવાતાં જોવાતાં તથા ઘણાએકનાં હાથમાં જવાથી ફાટીને ચીથરા જેવી થઈ ગઈ, અને અગરજો કોઈ વૈદ્ય અથવા સુરઈયો તે ફાટેલા કાગળને વાસ્તે એક પૈસો આપતાં પણ આચકો ખાય, તોપણ જોશીઓએ સ્વાર્થરૂપી ચશ્મા પોતાની આંખે પહેરેલાં તેથી તેઓને તો તે ચીથરિયા કાગળના કટકામાં કુબેરના ભંડાર જેટલી સમૃદ્ધિ, રાજા કરણ જેટલી ઉદારતા, રાજા વિક્રમ જેટલો પરોપકાર, યુધિષ્ઠિર જેટલી સત્યતા, ભીમ જેટલું અંગબળ, અને અર્જુન જેટલું પરાક્રમ દેખાતું હતું. જ્યારે ઘણાં માણસો એકની એકજ વાત એક માણસને કહ્યાં કરે ત્યારે તે છેતરાઈને તેને માને એમાં કાંઈ ઘણું આશ્ચર્ય નથી. દુનિયામાં ઘણીએક વાતો ઘણાના કહેવા ઉપરથીજ મનાયછે, ત્યારે જેઓ જ્યોતિષશાસ્ત્ર સાચું માને તેઓ આવા આધાર ઉપરથી કહેલી વાત સહેલથી માન્ય કરે એમાં શી નવાઈ? વળી જે વાત આપણને અનુકૂળ હોય તથા માનવી ગમે તે ઉપર પ્રતિકૂળ તથા માનવાને અણગમો થાય એવી વાત કરતાં આપણો વધારે જલદીથી વિશ્વાસ બેસેછે, તેથી કરણ રાજાએ જોશીઓના કહેવા ઉપર ભરોસો રાખ્યો, તથા તેઓનાં વચન માનીને ખોટી આશાથી મનને દિ-

લાસો આપ્યાં કીધો, અને મહા રણમાં થાક તથા તરસથી કષ્ટાતો મુ-સાફર મૃગજળ જોઈને પાણીની આશા રાખી ચાલ્યોજ જાયછે તેમ કરણ રાજાએ આગળ સારાની ઉમેદ રાખી સંસારરૂપી પ્રવાસમાં શાંત મનથી ચાલવાનો નિશ્ચય કીધો.

પાઠ ૩૪. જગા બદલવાના ગુણ.

જગાના ફેરફારથી ઘણું કાર્ય થાયછે. જો શરીરે માંદા લોકોને જગા ફેર થવાથી ઘણીવાર આરામ થાયછે તો મનના રોગીઓનું દુઃખ તેમ કીધાથી શામાટે નિવારણ નહિ થાય? વળી જેઓને પશ્ચાત્તાપની મહાપીડા નડેછે તેઓને જગા બદલવાથી ઘણો ફાયદો થયાવિના રહેતો નથી. જગતમાં જે જે વસ્તુઓનું આપણને જ્ઞાન થાયછે તેઓની પ્રતિમા આપણા સ્મરણસંગ્રહસ્થાનમાં રહેલી હોયછે. પણ ત્યાં તેઓ એકલી હોતી નથી. હરેક પ્રતિમાને વીંટલાયલી કેટલીએક *હકીકત હોયછે તે સુખદાયક અથવા દુઃખદાયક હોય તોપણ જ્યારે વિચારશક્તિ વડે તેઓમાંથી એક પ્રતિમા તે સંગ્રહસ્થાનમાંથી બહાર નીકળેછે એટલે તેની સાથેની હકીકત પણ તેની સાથે આવેછે. જ્યારે પરદેશમાં સ્વદેશ યાદ આવેછે ત્યારે તેની સાથે આપણાં માબાપ, સગાંવહાલાં, ઓળખીતા લોકો, મિત્રો, આપણો નાનપણનો વખત, તેની ખુશી, જુવાનીનો વખત, તેમાં ભોગવેલાં સુખ, એ વગેરે હજારો વાતો તેની સાથે ધશી આવેછે અને તેમાંથી કેટલીએકથી આપણને સુખ અને કેટલીએકથી દુઃખ ઉત્પન્ન થાયછે. તેમજ જે માણસે ખૂન જ્યાં કીધેલું હોય ત્યાં તે રહે તો તે જગા ઉપરથીજ ખૂન વિષેના ભયંકર વિચારો તેના મનમાં નિરંતર આવ્યાંજ કરે, અને તેથી તેને જરાપણ સુખ શાતા વળે નહિ. એથી ઊલટું તે જો તે જગા છોડીને બીજે ઠેકાણે જાય તો ત્યાંની નવી વસ્તુઓની પ્રતિમા તથા તેઓની સાથેની નવી હકીકતો સ્મરણસ્થાનના મથાળા ઉપર ભરાય, અને નીચે દબાયેલી પ્રતિમાઓને ઉપર આવવાનું કઠણ પડે, તેથી તેઓ કોઈ કોઈ વારજ નીકળી આવી તેને ઉપદ્રવ કરે. એવી રીતે નવી પ્રતિમાઓનો સંગ્રહ વધારે વધારે થવાથી જૂની ઉપર ભાર વધારે થાય, અને તેઓ વધારે દબાતી જાય અને તેનું પરિણામ એ થાય કે મનને વધારે વધારે સુખ તથા શાંતિ થતી જાય. એવું જગા બદલવાનું માહાત્મ્ય છે.

પાઠ ૩૫. હવે બધું સૂઝેછે.

એક રાતના મારી આંખ જલદીથી ઉઘડી ગઈ અને હું આ પ્રમાણે વિચારમાં પડ્યોઃ—"મારી ઉમર એકાવન વરસની થઈ. આજકાલ કરતાં એકાવન વરસ ગુજરી ગયાં. આ શો ગજબ! હવે ઘણાં વરસ જીવીશ એવું મને લાગતું નથી. જીવી જીવીને હવે પાંચ સાત વરસ વધારે જીવીશ. એટલાં એકાવન વરસ જતાં વાર ન લાગી તો હવે પાંચ કે સાત વરસ નીકળી જતાં શો વિલંબ લાગશે? એ પાંચ કે સાત વરસ કાલ કહેતામાં નીકળી જશે, ને મોતના દૂત આવીને મારી ગરદન ઉપર બેસશે.

પણ અરે મારા જીવ! તેં હજુ સુધી તૈયારી કીધી નથી. તારા કોણ જાણે શા હાલ થશે! તારાં બધાં વરસ પાણીમાં ગયાં. તેં ઈશ્વરને એક પણ દિવસ નિરાંત કરીને તારા અંતઃકરણથી ભજ્યો નહિ. તેં દુરાચરણને વાસ્તે પશ્ચાત્તાપ કરીને તેની પાસે માફ માગી નહિ.

મેં ઘણી વખત મોઢેથી ઈશ્વરનું નામ લીધુંછે. ઘણી વખત ઈશ્વરની પ્રાર્થના કીધીછે, પણ તેમ કરતી વખતે મારું દિલ સાફ અને નિર્મળ રાખ્યું નથી. પ્રાર્થના કરતી વેળાએ મારા મોઢામાંથી જે શબ્દ નીકળતા હતા તેનો અર્થ પણ હું સમજતો નહિ હતો, અને સમજવાની ઇચ્છા પણ કોઈ દિવસે નહિ કીધી. પ્રાર્થના કરતી વેળાએ મારું મન હજારો વસ્તુ ઉપર દોડતું હતું. ઈશ્વરને એકચિત્તે ભજવાના સહેલા કામમાં મેં આટલી બધી ગફલત કીધી! દહાડાના ચોવીસ કલાક તેમાં બે કલાક પણ મેં મારા ઈશ્વરનું ભજન કીધું નહિ, અને મારાં પાપનો ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કરીને તેની પાસે ક્ષમા માગી નહિ.

આવું સહેલું કામ હું નહિ કરી શક્યો! એમાં મને એક દોકડાનો કે પૈસાનો પણ ખર્ચ બેસતો નહિ હતો. એમાં મને મોટો બોજો પણ ઊચકવો પડતો નહિ હતો. અરે! આવું વગર ખર્ચનું અને વગર મહેનતનું કામ પણ હું કરી નહિ શક્યો! મારો સઘળો વખત આળસમાં, લોકની નિંદા અને ચાપલુસી કરવામાં તથા તરકટ અને દગલબાજી કરવામાં ગુજાર્યો! ખરેખર મેં મારા વરસો પાણીમાં નાખી દીધાં! અરે! આ કેટલો પશ્ચાત્તાપ થાયછે! પણ ઘણું મોડું થયું.

હવે કદાચ હું સદ્ગુણે આચરી ઈશ્વરની ભક્તિ કરું પણ તે શા કામનું? ક્યાં એકાવન વરસ, અને ક્યાં પાંચ કે સાત વરસ? મારી

આસપાસ સર્વ માણસ ભર ઊંઘમાં સૂતેલાંછે; અને મને મોટી ફીકર અને પશ્ચાત્તાપ થાયછે. મને સૂઝતું નથી કે મારી ઉપર હવે શી કમબખ્તી ગુજરશે! હે જગત્પતિ! હે મહાદયાળુ! હે પરમકૃપાળુ! હે સર્વશક્તિમાન્! તું મને મદદ થા. મને સૂઝતું નથી. હવે હું શું કરૂં! મને મારી ભરજુવાનીના દિવસ હમણા યાદ આવેછે. પ્રાર્થના કરવાનો રાતનો વખત રંડીબાજીમાં, ખ્યાલટપ્પામાં, અને બદફેલીમાં ગુજાર્યો. દિવસે રૂડાં કામ કરવાનો વખત આળસાઇમાં, ગપ્પાં મારવામાં અને લોકોની નિંદા કરવામાં ખોયો. મારી ભરજુવાનીના દિવસ હમણા મને સાંભરેછે. અરે મારી જુવાની! તેં તારો ખીલતો વખત માણસ જાતનું રૂડું કરવામાં તથા ઇશ્વરનું સ્મરણ કરવામાં નહિ ગુજાર્યો!

પાઠ ૩૬. ઈશ્વર ઉપર ભાવ.

સર્વે મનુષ્યે અને તેટલા માટે તેં મારા પ્રિય વાંચનાર, અને મેં પોતે પાપ કીધાંછે, એટલે આપણે ઇશ્વરના નિયમ ભાગ્યાછે. કારણ દુનિયામાં કોઇ પવિત્ર નથી. એવો કોઇ નહિ હશે કે જેણે ઇશ્વરનો કાયદો બધી વાતમાં સાચવ્યો હશે.

આપણે હરેક ભૂંડું કામ કરવામાં, હરેક અણઘટતો બોલ બોલવામાં, હરેક માઠી ઇચ્છા કરવામાં તેનો કાયદો ભાગ્યોછે. આ જે અન્યાય આપણી ઉપર મૂકવામાં આવ્યોછે તે મોટો છે, પણ તે ખરો છે એ કોઇથી ના કહેવાશે નહિ.

આપણાં મન સુધારવા માટે ઇશ્વરની ખરા અંતઃકરણથી પ્રાર્થના કરીને ચાલો આપણે આ વિષે વિચાર કરીએ. ચાલો આપણા ઇશ્વરની મુખ્ય આજ્ઞા તપાશીએ. ઇશ્વર કરતાં બીજી વસ્તુ ઉપર વધારે પ્રેમ અને વધારે ભાવ રાખીને તથા ઇશ્વર કરતાં બીજાએો ઉપર વધારે ભરોસો રાખીને આપણે ઇશ્વરના અપરાધી ઠર્યા છીએ.

ઇશ્વર ઉપર ભાવ રાખવો જોઇએ, તે આપણાથી પૂરી રીતે બન્યું નથી. આપણે ઇશ્વરની પ્રાર્થના ખરા દિલથી કોઇજવાર કીધીછે અને ઘણી વેળા વગર દિલની ભક્તિ કરીને આપણે અપરાધી થયા છીએ. પ્રાર્થના કરવામાં ગંભીર મન, ખરી અદબ અને ખરા દિલની પ્રીતિ જોઇએ તે દેખાડવામાં અરે આપણે કેટલા પાછળ પડચા છીએ!

પ્રાર્થના કરવામાં વગર વિચારે અને વગર ધારતીએ ઇશ્વરનું નામ

કેટલી વખત મોંમાંથી કહાડયુંછે ? જેઓ તેનું નામ ફોકટ લેછે તેઓને ઈશ્વર અપરાધી ગણશે.

પાપી મનુષ્ય ! તારા મોંઢા ઉપર જોરથી એક તમાચો માર અને બોલ કે હું અપરાધી છું. નીતિસંબંધી સઘળા કાયદા સમજવાની જરૂર છે. તારા પડોશી ઉપર, તારા ભાઇબંધ ઉપર તું શું પ્રીતિ રાખેછે ? તારા ભાઇબંધોને નુકસાન ન પહોંચે એવું સદા તેં કર્યુંછે ? તારાં માબાપની આજ્ઞા તોડીને તું શું કદી અપરાધી થયો નથી ?

તું શું જાણતો નથી કે વગર કારણે ક્રોધ કરવો એ પાપ છે ? તું શું જાણતો નથી કે દરએક કામરૂપી અપવિત્ર ઇચ્છા એ વ્યભિચાર કર્યા બરાબર છે ? તું શું જાણતો નથી કે પ્રત્યેક છૂપી દગાઇ, તથા તારી શક્તિ પ્રમાણે ગરીબને સહાય થવામાં તારી ગફલત, એ ચોરી કર્યા બરોબર છે ?

ખરેખર જે કામ કરવાને કાયદો મના કરેછે તે કામ કરીને તથા જે કામ કરવાને કાયદો આજ્ઞા આપેછે તે કામ ન કરીને સર્વે મનુષ્યોએ પાપ કર્યુંછે. ત્યારે મેં જે કર્યુંછે અને જે નથી કર્યું તે બેહુવડે મેં પાપ કર્યુંછે.

ત્યારે મારી સ્થિતિ કેવી છે ! પાપ અને દુઃખથી ભરેલી છે. મને તેઅત્યારસુધી કેમ માલૂમ ન પડી ? કેમકે સત્યના પ્રકાશની સામે પાપે મારી આંખને આંધળી કરી મૂકી હતી.

પાઠ ૩૭. બાયડીના ગુણ.

કરણ રાજાની મોટી કુંવરી આઠ વરસની હતી તે ઘરમાં સઘળું બઇરીનું કામ કરતી, અને તેની સંભાળથી તથા તેની ઘરબાબતની સઘળી ગોઠવણથી તેના બાપના ઘા ધીમે ધીમે રૂઝાવા લાગ્યા, અને તે કેટલીક વાર પછી બિલકુલ સારો થયો. માણસના સુખને વાસ્તે બઇરાં કેટલાં અગત્યનાં છે તેઓની ખોટ જ્યાં હોય ત્યાંજ જાણવામાં આવેછે. તેઓનો ઉપયોગ ઘણા લોકો બરોબર સમજતા નથી, તથા તેઓની કીમત જોઇએ તેટલી તેઓ કરતા નથી. પુરૂષ અને સ્ત્રીના ગુણોમાં પરમેશ્વરે મોટો તફાવત રાખેલોછે. અગર જો કેટલાએક પુરૂષોમાં બઇરાંના ગુણો અને કેટલીક નારીઓમાં નરના ગુણો હોયછે, તોપણ સાધારણ નિયમ એ નથી. તે નિયમ એવો છે કે પુરૂષોમાં કામ કરવાના અને સખ્ત

ગુણો આપેલાછે; અને બાઇડીઓમાં સહન કરવાના અને નરમ ગુણો માલુમ પડેછે. દયા, મનની કોમળતા, ધૈર્યતા વગેરે બીજાઓને સુખી કરવાને જરૂરના ગુણો ઘણું કરીને બઇરાંમાં વધારે હોયછે. એજ કારણને લીધે તેઓ ઘર ચલાવવાને તથા પોતાના ધણીને સુખ ઊપજાવવાને વધારે લાયક છે. જ્યારે પુરૂષ કોઇ આફતમાં આવી પડેછે ત્યારે તેને બઇરી સિવાય બીજું કોઇ શાંત કરી શકતું નથી. જ્યારે તેના મનમાં ગુસ્સો ચઢી જાયછે ત્યારે તેની મનોવૃત્તિઓને નરમ પાડવાને તેનેજ ઇશ્વરે નીમેલીછે; પણ વિશેષ કરીને જ્યારે તેના ઉપર મંદવાડ આવી પડેછે, જ્યારે તેની એક નાના છોકરાની પેઠે બરદાસ્ત લેવી પડેછે, જ્યારે તેનો સ્વભાવ એવો ચીઢિયો થઇ જાયછે કે તેનો બોલ બીજા કોઇ સાંખી શકતા નથી, તેજ વખતે બઇરીનું ખરેખરૂં કામ પડેછે, તેજ વખતે તેની ખરી કીમત થાયછે; અને તેજ વખતે તેનું દુઃખ મટાડવાને પરમેશ્વરે તેને મોકલી હોય એમ પુરૂષને લાગેછે. તેની ચાકરી કરવાની રીતથીજ અર્ધું દરદ ઓછું થાયછે. તેના મધુર શબ્દો સુખકારી ઓસડ જેવા થઇ પડેછે, અને તેના નરમ હાથ શરીર ઉપર ફરેછે એટલેજ ઘણી ઠંડક થાયછે. માણસને તેની જીંદગીના હરેક ભાગમાં સ્ત્રીથી સુખ મળેછે. નાનપણમાં તેને માની ઘણીજ જરૂર હોયછે, બલકે તેના આવરદાનો આધાર ઘણું કરીને તેની મા અથવા બીજી કોઇ બઇરી હોયછે. મોટપણે તેની સ્ત્રીવડે તે સંસારરૂપી સાગરમાં વધારે ચેનથી સફર કરી શકેછે, અને જો કમનસીબથી તેની સ્ત્રી તેના પહેલાં મરણ પામે તો કેટલુંક બઇરીનું કામ તેની દીકરી ચલાવી શકેછે. કરણ રાજાને પણ તેજ પ્રમાણે થયું. કનકદેવીનું સઘળું લક્ષ પોતાના બાપને આરામ કરવા તરફ તથા તેની પીડા જેમ બને તેમ ઓછી કરવા તરફ હતું, અને તેમ કરવા સારૂ, તેની ઉમર પ્રમાણે તેનાથી જેટલો બની શક્યો તેટલો તેણે શ્રમ કીધો અને પરમેશ્વરની કૃપાથી તે સઘળો સફળ થયો.

પાઠ ૩૮. મોત—એ પાપની શિક્ષા છે.

આપણા વિચારથી, આપણા વચનથી અને આપણા કામથી જે જે પાપ કરીએ છીએ તેની ખરી અને વાજબી શિક્ષા આત્માનું મોત છે.

પણ મોત એટલે શું? આપણા શરીરનું મોત એટલે તેમાંથી પ્રાણ છૂટો પડેછે તે. આપણે પાપી છીએ, અને જે દુઃખ અને દરદ આપણા

શરીરને મરવાની તૈયારી કરાવેછે, તે દુઃખ અને દરદમાં એ પાપની અસર આપણને ઊઘાડી રીતે માલૂમ પડેછે.

આપણે મરનાર પ્રાણી છીએ. કાયાના મોતથી અથવા કાયામાંથી પ્રાણ ગયાથી માટીની કાયા માટીમાં મળી જાયછે. પણ મોતનો અર્થ એથી પણ વધારે થાયછે—આત્માનું મોત.

જે પ્રમાણે કાયાના કરતાં આત્મા વધારે કીમતી છે તે પ્રમાણે આત્માનું મોત કાયાના મોત કરતાં વધારે બિહામણું છે. આલોકને અને પરલોકને વિષે ઈશ્વરથી આત્માનું છૂટું પડવું, એ આત્માનું મોત જાણવું. જેટલો સંબંધ આપણી કાયા તથા આત્મા વચ્ચે છે, તેથી વધારે સંબંધ આપણા આત્મા અને ઈશ્વર વચ્ચે છે.

આત્માના મોતથી આપણાં હવે પછીનાં સુખનો તમામ નાશ થાયછે, કેમકે પ્રજાપતિની કૃપામાં સુખ છે અને તેના ક્રોધમાં મોત છે. મારા પ્રિય મિત્ર! ઈશ્વરની કૃપાથી આપણે પ્રાણી જાગૃત થયા નહિ હોઇએ તો આ આપણી સ્થિતિ છે.

આપણે પાપ અને અપરાધમાં મુએલા છીએ. અને આપણે આ દુનિયા છોડીએ તેની પહેલાં ઈશ્વરકૃપાથી જાગૃત ન થઈએ તો આવી માઠી અને દુઃખ ભરેલી સ્થિતિમાં આપણે સર્વકાળ રહેવું પડે.

અરે !! આત્માના મોતના વિચારથી આ દુનિયામાં બેહદ દુઃખ મનમાં ઊપજેછે તો આવતી દુનિયામાં કેટલું અત્યંત દુઃખ ખમવું પડશે તેનો વિચાર મુદ્દલ થઈ શકતો નથી.

પાઠ ૩૯. ઘેરી લીધેલા શહેરમાં દુકાળનું વર્ણન.

શહેરમાં અનાજની ખોટ હતી. જ્યારથી શહેરમાં લશ્કરનો તથા આસપાસનાં ગામના લોકોનો જમાવ થયો ત્યારથીજ અનાજ ઘણું મોંઘું વેચાવા લાગ્યું, અને પહેલવહેલાં તો ગરીબ લોકોનો મરો થયો. પણ લડાઈ જલદીથી પૂરી થશે, અને અનાજ બહારથી આવી પહોંચશે એ આશાથી લોકો ધીરજ રાખી દુઃખ વેઠી બેશી રહ્યા. પણ લડાઇનો પાર આવ્યોજ નહિ, અને દુકાનોનો સઘળો માલ ખપી ગયો. સિપાઇઓ તથા બીજા લોક બૂમાબૂમ પાડવા લાગ્યા; રસ્તામાં રોજ ઘણા લોકનાં મુડદાં પડેલાં દેખાતાં હતાં; લોકો છેક નિરાશ થઈ ગયા, અને ભૂખના

